RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 131 Dt. 04-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### પુતિનની ભારત યાત્રા પૂર્વે

## ફ્રાન્સ, જર્મની, બ્રિટનના રાજદૂતોએ ઓક્યું ઝેર

### યુક્રેનમાં શાંતિ પ્રયાસોમાં અવરોધ ઉભો કરવાના આરોપ વચ્ચે ત્રણે દેશોના સંયુક્ત લેખે મચાવ્યો હડકંપ

નવીદિલ્હી, તા. ૩
રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નવી દિલ્હી મુલાકાત પહેલા ફ્રાન્સ, જર્મની અને બ્રિટનના રાજદૂતો દ્વારા પ્રકાશિત સંયુક્ત લેખ સામે વિદેશ મંત્રાલયે વાંધો ઉઠાવ્યો છે. ત્રણેય દેશોના રાજદૂતોએ રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ટીકા કરી હતી અને તેમના પર યુક્રેનમાં શાંતિ પ્રયાસોમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો હતો. ભારતીય વિદેશ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અસામાન્ય અને રાજદ્વારી રીતે અસ્વીકાર્ય હતું. જર્મન રાજદૂત ફિલિપ એકરમેન, ફ્રેન્ચ રાજદૂત થિએરી મેથ્યુ અને બ્રિટિશ હાઈ કમિશનર લિન્ડી કેમેરોને દેશના અગ્રણી અખબારમાં એક લેખ લખ્યો હતો જેમાં યુક્રેન યુદ્ધ પર પુતિનની ટીકા કરવામાં આવી હતી. યુક્રેન પર રશિયાના હુમલાનો ઉલ્લેખ કરતા, લેખમાં કહેવામાં આવ્યું હતું કે વિશ્વ ઇચ્છે છે કે યુક્રેન યુદ્ધનો અંત આવે, પરંતુ રશિયા શાંતિ જાળવવા તૈયાર ન હોય તેવું લાગે છે. ‘‘જો રશિયા ઈચ્છે તો, તે કાલે પોતાના સૈનિકો પાછા ખેંચીને, પોતાના હુમલા બંધ કરીને અને વાતચીત કરીને યુદ્ધનો અંત લાવી શકે છે,‘‘ તેમાં કહેવામાં આવ્યું છે. રશિયન રાજદૂતે આ જ અખબારમાં એક લેખ પણ લખ્યો હતો, જેમાં ત્રણેય રાજદૂતોના અગાઉના લેખનો જવાબ આપવામાં આવ્યો હતો.

રશિયન રાષ્ટ્રપતિ પુતિન ગુરુવારે નવી દિલ્હી આવી રહ્યા છે અને શુક્રવારે મોદી સાથે ૨૩મી ભારત-રશિયા સમિટમાં ભાગ લેશે. જોકે, તે પહેલાં આવો લેખ લખવો એ ત્રણ યુરોપિયન દેશોના રાજદૂતો દ્વારા સ્વીકાર્ય રાજદ્વારી પ્રથા નથી. રાજકીય નિષ્ણાતો કહે છે કે ભારત અને રશિયા વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતાને ધ્યાનમાં રાખીને, રશિયા વિરુદ્ધ આવા લેખો રાજદ્વારી ધોરણોનું ઉલ્લંઘન કરે છે. તેથી અન્ય દેશો દ્વારા આવા પગલાં અસ્વીકાર્ય છે. આ ભારતના આંતરિક બાબતોમાં દખલગીરી છે, કારણ કે તેનો



હેતુ ભારતમાં યુરોપિયન તરફી જૂથોમાં રશિયા વિરોધી ભાવના ઉશ્કેરવાનો અને રશિયા સાથેના આપણા સંબંધોની નૈતિકતા પર પ્રશ્ન ઉઠાવવાનો છે. આ જ કારણ છે કે વિદેશ મંત્રાલયે આ લેખ સામે વાંધો ઉઠાવ્યો છે.

MEA અધિકારીઓએ જણાવ્યું હતું કે પુતિનની ભારત મુલાકાત દરમિયાન, બંને પક્ષો ભારતીય કામદારોને રશિયામાં ખસેડવા માટે ગતિશીલતા કરાર પર પણ હસ્તાક્ષર કરી શકે છે. આ કરાર ભારતીય કામદારોની ભરતી માટેની શરતો પણ સ્પષ્ટ કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાર્ષિક શિખર સંમેલન વેપાર અને સંરક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિણામો મેળવવાની અપેક્ષા છે, જે દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવશે. વિદેશ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે મોદી-પુતિન વાટાઘાટોમાં યુક્રેન સંઘર્ષ ઉઠાવવાની શક્યતા છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતનું વલણ યથાવત છે કે યુદ્ધ યુદ્ધના મેદાનમાં ઉકેલી શકાતું નથી. સંવાદ અને રાજદ્વારી એકમાત્ર રસ્તો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સંઘર્ષનો અંત લાવવાના અમેરિકાના પ્રયાસોને ધ્યાનમાં રાખીને, ભારત એવા કોઈપણ પગલાંને સમર્થન આપે છે જે દુશ્મનાવટનો અંત લાવે અને કાયમી શાંતિ તરફ દોરી જાય.

વિદેશ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતીય નિકાસને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસો વધુ તીવ્ર બનાવવામાં આવ્યા છે, જેમાં બટાકા અને દાડમ, સીફૂડ, પ્રોસેસ્ડ ફૂડ અને ગ્રાહક માલ જેવા કૃષિ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. એવી અપેક્ષા છે કે ભારતની રશિયામાં નિકાસ ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ, ખાદ્ય ઉત્પાદનો અને ગ્રાહક માલના ક્ષેત્રોમાં નોંધપાત્ર રીતે વધશે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે નવી દિલ્હી રશિયાના પક્ષમાં વધતી જતી વેપાર ખાધ અંગે ચિંતિત છે.

## બીજાપુરમાં નક્સલી અથડામણ : ૧૨ મોત

### મુઠભેડ દરમિયાન ૩ જવાન શહીદ : સુરક્ષા દળો જંગલમાં પહોંચતા જ ગોળીબાર

નવીદિલ્હી, તા. ૩
છત્તીસગઢના બીજાપુર જિલ્લાના નક્સલ પ્રભાવિત ગંગલોર વિસ્તારના જંગલોમાં બુધવારે વહેલી સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ. આ વિસ્તાર દાંતેવાડા જિલ્લાની સરહદે આવેલો છે, જ્યાં છેલ્લા ઘણા મહિનાઓથી નક્સલ વિરોધી કામગીરી ચાલી રહી છે. આ અથડામણમાં બાર નક્સલવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે એક DRG સૈનિક શહીદ થયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, DRG, STF અને CRPFની કોબ્રા ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષા દળો જંગલમાં આગળ વધતાં, નક્સલીઓએ ઓચિંતો હુમલો કરીને ગોળીબાર શરૂ કર્યો. શરૂઆતની અથડામણ થોડીવારમાં જ પૂર્ણ-સ્તરની અથડામણમાં પરિણમી, જેમાં બંને બાજુથી સતત ગોળીબાર ચાલુ



રહ્યો. સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો. ઓપરેશન દરમિયાન, DRGના એક સૈનિકે બહાદુરી દર્શાવી અને ગંભીર રીતે ઘાયલ થવા છતાં પોતાની સ્થિતિ જાળવી રાખી, પરંતુ બાદમાં તેનું મોત નીપજ્યું. અન્ય એક સૈનિક પણ ઘાયલ થયો હતો અને તેને તાત્કાલિક સારવાર માટે આરોગ્ય એકમમાં ખસેડવામાં આવ્યો હતો. વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. આસપાસના જંગલોમાં શોધખોળ ચાલી રહી છે.

આ કાર્યવાહીથી રાજ્યમાં નક્સલ વિરોધી મોરચાને ફરી એકવાર મજબૂત ફાયદો મળ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૨૬૮ નક્સલીઓ માર્યા ગયા છે. આમાંથી ૨૩૯ નક્સલીઓ ફક્ત બસ્તર ડિવિઝનમાં જ માર્યા ગયા હતા, જેમાં બીજાપુર અને દાંતેવાડા સહિત સાત જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગારિયાબંદ જિલ્લામાં ૨૭ નક્સલીઓ માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ દુર્ગ ડિવિઝનમાં બે નક્સલીઓને મારી નાખ્યા હતા. બીજાપુરમાં થયેલી આ કાર્યવાહી ફરી એકવાર સાબિત કરે છે કે સુરક્ષા એજન્સીઓ ‘‘લાલ આતંકવાદ‘‘ ને જડમૂળથી નાબૂદ કરવા માટે સતત પગલાં લઈ રહી છે. ગંગલોરના જંગલોમાં ચાલી રહેલા સર્ચ ઓપરેશનથી વધુ નોંધપાત્ર રિકવરી થવાની અપેક્ષા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સુરક્ષા દળોને નક્સલી આતંકવાદને જડમૂળથી નાબૂદ કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં આવતા વર્ષે માર્ચની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.બીજાપુર જિલ્લાના પશ્ચિમ બસ્તર ડિવિઝનના જંગલોમાં નક્સલી ગતિવિધિઓ અંગે ગુપ્ત માહિતી મળી હતી. સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. સુરક્ષા દળો ગાઢ જંગલમાં પહોંચતાની સાથે જ નક્સલીઓ તરફથી ભારે ગોળીબાર શરૂ થયો. સુરક્ષા દળોએ તરત જ પોઝીશન સંભાળી લીધી.

### દુબઈના માસ્ટર માઈન્ડ સાથે હતો સંપર્ક : ૧૫૪૯ ગુન્હાઓ આચરી ચૂકી છે ગેંગ

## ૮૦૦ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ : ૬ જબ્બે

### CIDને સુરતથી મળી બાતમી : પૂર્વ આયોજીત કાવતરુ ઘડી ગેંગ આચરતી’તી છેતરપિંડી

અમદાવાદ, તા. ૩
ડિજિટલ વ્યવહાર નું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે સામે સાયબર ગઠિયાઓ પણ લોકોને લલચામણી લાલચ આપે છે અને સામે લોકો પણ આ લાલચનો શિકાર બની જાય છે ત્યારે દુબઈથી ઈન્ટરનેટના માધ્યમના ઉપયોગથી ભારતમાં ૮૦૪ કરોડના સાયબર ગુન્હા આચરતી ગેંગના મુખ્ય સાગ્રિતને સીઆઇડી ક્રાઇમે પકડી પાડ્યો છે. આ ગેંગે અત્યાર સુધીમાં ૧૫૦૦ થી વધુ સાયબર ગુનાઓ આચાર્ય છે. સુરતમાં ખાનગી બાતમીના આધારે રેઈડ કરી પહેલાં ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તે જ કેસની તપાસ દરમિયાન વધુ ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓએ પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું ઘડીને આર્થિક લાભ મેળવવાના સમાન ઈરાદા સાથે છેલ્લા એક વર્ષથી અત્યાર સુધી પોતાની ઓળખ છુપાવી રાખવાના હેતુથી અન્ય વ્યક્તિઓને લાલચ-લોભ આપીને છેતરપિંડીના ઈરાદે અનેક બેંકોમાં મોટી સંખ્યામાં ખાતાંઓ ખોલાવ્યા હતા. આ ખાતાધારકો પાસેથી નવી બેંક કીટ્સ તથા ખાતામાં નોંધાયેલ મોબાઈલ નંબરના સીમકાર્ડ મેળવીને તે દુબઈ ખાતે મોકલી આપવામાં આવતા હતા. દુબઈમાં બેઠેલા મુખ્ય સૂત્રધારો આ કીટ્સ અને સીમકાર્ડનો ઉપયોગ કરીને ભારતમાં ઓનલાઈન છેતરપિંડી કરતા હતા. છેતરપિંડીમાંથી મળેલા પૈસા આ ખાતાઓમાં જમા કરાવી, પછી તેને અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરીને ઉપાડી લેવામાં આવતા હતા. ભંગારના વ્યવસાયના આડમાં પણ આ ગેંગ સાયબર ફ્રોડના પૈસા સગે-વળગે કરતી હતી.

આ કેસમાં પકડાયેલા મુખ્ય આરોપીઓમાં સાઝેબ ફિરોઝ ખેરાણી, સોહિલ સદરુદ્દીન વઢવાણીયા અને અમીનભાઇ અકબરભાઇ ભાયાણીનો સમાવેશ થાય છે. આ ત્રણેએ ભંગારના વેપારના આડમાં ૨૦૦થી વધુ ટ્રક ભંગાર (કુલ રૂ. ૨૦ કરોડથી વધુની કિંમત) મુખ્ય સૂત્રધાર આમીર અલ્તાફ હલાણી (હાલ દુબઈમાં)ના કહેવા મુજબ મોકલી આપ્યો હતો અને તેની સામે રોકડા રૂપમાં સાયબર ફ્રોડના પૈસા લઈને મની લોન્ડરિંગની ભૂમિકા ભજવી હતી. આરોપી સાઝેબ ખેરાણીએ પુરાવા નાશ કરવા પોતાનો મોબાઈલ ફોન ફેંકી દીધો હતો.

કમલેશ અશોક સેન અને સાગર અશોક સેન એ બંનેએ આમીર હલાણીને ૨૭૦થી વધુ બેંક ખાતાંઓ તથા ૩૦૦થી વધુ સીમકાર્ડ પહોંચાડ્યા હતા અને પ્રતિ સીમકાર્ડ રૂ. ૧૦૦૦ તથા પ્રતિ બેંક કીટ રૂ. ૫૦,૦૦૦ સુધીનું કમિશન લીધું હતું. આરોપી રાહુલકુમાર રાજેશકુમાર અગ્રવાલે આ ખાતાઓનો ઍક્સેસ મેળવીને તેમાં જમા થયેલા ફ્રોડના પૈસા ઉપાડી-ઉપાડાવીને આંગડિયા મારફતે આમીર હલાણીને મોકલી આપ્યા હતા અને દરેક ટ્રાન્ઝેક્શન પર ૧% કમિશન લઈને પેમેન્ટ પ્રોસેસર તરીકે કામ કર્યું હતું.

## ભ્રામક સમાચાર ભારત માટે ખતરો

### માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સંબંધિત સમાચારો લોકશાહી માટે જોખમી ગણાવ્યા




નવીદિલ્હી, તા. ૩
કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે જણાવ્યું હતું કે નકલી સમાચાર ભારતના લોકશાહી માટે ખતરો છે. તેમણે ખોટી માહિતી અને અંઈ-જનરેટેડ ડીપફેક, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સંબંધિત છે, સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કડક નિયમો અને કડક કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી વૈષ્ણવે લોકસભામાં જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા અને નકલી સમાચારનો મુદ્દો ખૂબ જ ગંભીર છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ ભારતના બંધારણ અથવા સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓનું પાલન ન કરતી ઈકોસિસ્ટમ બનાવવા માટે થઈ રહ્યો છે.

મંત્રીએ સંચાર અને માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાંસદ નિશિકાંત દુબે અને તેના તમામ સભ્યોના કાર્યની પ્રશંસા કરી, જેમણે કાનૂની માળખાને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ સૂચનો ધરાવતો વિગતવાર અહેવાલ રજૂ કર્યો.

નકલી સમાચાર અને સોશિયલ મીડિયા સંબંધિત મુદ્દાઓમાં વાણી સ્વતંત્રતા અને લોકશાહીના રક્ષણ વચ્ચે નાજુક સંતુલન શામેલ છે તે નોંધતા, તેમણે કહ્યું કે સરકાર આ સંતુલન જાળવવા માટે અત્યંત સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ડિજિટલ ઈન્ડિયા પહેલે એક મોટું પરિવર્તન અને લોકશાહીકૃત ટેકનોલોજી લાવી છે, જેની સકારાત્મક અસરને સ્વીકારવી જ જોઈએ. તેમણે નોંધ્યું કે સોશિયલ મીડિયાએ દરેક નાગરિકને એક પ્લેટફોર્મ પણ પૂરું પાડ્યું છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ બધાને ધ્યાનમાં રાખીને, સરકાર સંસ્થાઓ અને સમાજનો પાયો બનાવતા વિશ્વાસને મજબૂત કરવા માટે કામ કરી રહી છે. સંસદમાં એક પ્રશ્નના જવાબમાં, વૈષ્ણવે જણાવ્યું હતું કે તાજેતરમાં નવા નિયમો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં ૩૬ કલાકની અંદર દૂર કરવાની જોગવાઈનો સમાવેશ થાય છે. અંઈ-જનરેટેડ ડીપફેકને ઓળખવા અને તેની સામે જરૂરી પગલાં લેવા માટે એક ડ્રાફ્ટ નિયમન પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે, અને હાલમાં પરામર્શ ચાલી રહ્યો છે.

મંત્રીએ સંસદીય સમિતિના કાર્યની પ્રશંસા કરી અને કાનૂની માળખાને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ભલામણો સાથે વિગતવાર અહેવાલ રજૂ કરવા બદલ નિશિકાંત દુબે અને તમામ સભ્યોનો આભાર માન્યો. મંત્રીએ જણાવ્યું હતું કે નકલી સમાચાર અને સોશિયલ મીડિયા સંબંધિત બાબતોમાં વાણી સ્વતંત્રતા અને આપણા લોકશાહીના રક્ષણ વચ્ચે નાજુક સંતુલન શામેલ છે, અને સરકાર આ સંતુલન પર અત્યંત સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે. તેમણે એ પણ નોંધ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ડિજિટલ ઈન્ડિયા પહેલે એક મોટું પરિવર્તન લાવ્યું છે અને ટેકનોલોજીનું લોકશાહીકરણ કર્યું છે, જેની સકારાત્મક અસરને ઓળખવી જોઈએ.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે એક નવા યુગ-પહેલની શરૂઆત

# છાપરા ફૂડ પાર્ક લોન્ચ : કૃષિ મૂલ્ય મજબૂત

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની રાજકોટ અને કચ્છ દ્વારા મુખ્ય રોકાણોની સમીક્ષા

રાજકોટ, તા. ૩

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેની નોડલ એજન્સી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા રાજકોટના છાપરા ગામમાં સ્થાપિત થનારા નવા એગ્રો ફૂડ પાર્કનું અનાવરણ થતાં સૌરાષ્ટ્રના કૃષિ ઉદ્યોગ ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત થવા જઈ રહી છે. આ પહેલ રાજ્યના કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રની હાલની મૂલ્ય શૃંખલાને મજબૂત કરવા અને નોંધપાત્ર રોકાણ આકર્ષવા માટે ગુજરાત સરકાર દ્વારા એક વ્યૂહાત્મક પગલું છે. GIDC ગુજરાતના ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોની વ્યવસ્થિત સ્થાપના અને સંગઠન સુનિશ્ચિત કરવા જરૂરી માળખાકીય સુવિધાઓ જેમકે, રસ્તા, પાણી, વીજળી, વેરહાઉસ, તાલીમ કેન્દ્રો, કલ્વર્ટ, ઓવરબ્રિજ જેવી આધુનિક ટેકનોલોજીની સાથોસાથ ઉદ્યોગક્ષેત્રનું સુઘડ સંગમ આ ફૂડ પાર્ક દ્વારા સાકાર થવાનો છે.

ગુજરાત આજે દેશના ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં અગ્રણીઓમાં સ્થાન ધરાવે છે. કેળા, બટાટા, બાજરી અને ભીંડા જેવા પાકોના કુલ ૨૦ કૃષિ ક્લસ્ટર્સ સાથે રાજ્યમાં કૃષિ ઉત્પાદનની વિશાળ ક્ષમતા છે. જામનગર, દ્વારકા અને પોરબંદર જેવા જિલ્લાઓમાં ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રે પહેલેથી જ મજબૂત હાજરી છે. રાજકોટ તો ખાદ્ય પ્રોસેસિંગ અને આનુષંગિક ઉદ્યોગો માટે જાણીતું કેન્દ્ર છે, જ્યાં બાલાજી વેફર્સ જે રાષ્ટ્રીય સ્તરે નામના પ્રાપ્ત કરી ગુજરાતના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવામાં અગત્યની ભૂમિકા ભજવી છે. આ સંદર્ભમાં છાપરાની નવી ઔદ્યોગિક વસાહત આ સમગ્ર ઇકોસિસ્ટમને વધુ વેગ આપશે.



### પ્રોજેક્ટની ઝાંખી અને સ્થાનના ફાયદા

છાપરામાં ૩૫ હેક્ટર વિસ્તારમાં વિકસાવવામાં આવનાર ફૂડ પાર્કને સૌરાષ્ટ્રનું નવું લોજિસ્ટિક્સ પાવરહાઉસ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેની ભૂગોળીય સ્થિતિ ઉદ્યોગક્ષેત્ર માટે અનેક સુવિધાઓ સાથે આશીર્વાદરૂપ છે. સ્ટેટ હાઈવેની નજીક હોવાને કારણે આંતરિક પરિવહન સરળ બને છે, જ્યારે રાજકોટ રેલવે સ્ટેશન અને હિરાજર એરપોર્ટની નજીકતા ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવે છે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) ના નિકટ સંચાલનને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવે છે. કંડલા જેવા આંતરરાષ્ટ્રીય બંદરથી ૨૦૦ કિલોમીટરના અંતરે સ્થિત હોવાથી નિકાસ આધારિત ઉદ્યોગો માટે પણ આ પાર્ક એક વ્યૂહાત્મક સ્થાન બની રહેવાની શક્યતા છે.

### મુખ્ય માળખાગત સુવિધાઓ

GIDC દ્વારા પાર્કમાં આધુનિક ઔદ્યોગિક માળખું ઊભું કરવામાં આવશે, જેમાં સુવ્યવસ્થિત આંતરિક માર્ગવ્યવસ્થા, પીવાલાયક પાણી, સતત વીજ પુરવઠો અને ગેસ પાઈપલાઈન જેવી મૂળભૂત સુવિધાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, એડમિન કોમ્પ્લેક્સ, કોમન ફેસિલિટી સેન્ટર (CFC), સ્ટ્રીટ લાઈટિંગ જેવી વ્યવસ્થાઓ પાર્કની દરેક જરૂરિયાતને પહોંચી વળશે. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં ગુણવત્તા નિયંત્રણ હંમેશા મુખ્ય પરિબળ હોય છે, એ વાતને અનુરૂપ અહીં આધુનિક લેબોરેટરી, રિસર્ચ અને ટેસ્ટિંગ સુવિધાઓ સ્થાપિત થવાની છે. સાથે જ વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ અને અન્ય લોજિસ્ટિક્સ સુવિધાઓ ઉત્પાદન, સંભાળ અને પુરવઠા શૃંખલાને વધુ કાર્યક્ષમ બનાવશે.

### રોકાણની સંભાવના

ગુજરાત સરકારે રોકાણ આકર્ષવા, ટકાઉ કૃષિ-ખાદ્ય પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા અને આજીવિકા પર આધારિત સમુદાયોની આવક વધારવા માટે ખાદ્ય પ્રક્રિયા અને અન્ય કલ્યાણકારી યોજનાઓ માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરી છે. મુડેથા (બનાસકાંઠા) અને છાપરા (રાજકોટ) ખાતેના પ્રોજેક્ટ્સ આ વ્યૂહરચનાનો મુખ્ય ભાગ છે અને સામૂહિક રીતે ₹ ૫૦૦ કરોડનું રોકાણ આકર્ષવાનો હેતુ છે. આ રોકાણથી આશરે ૩૦,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થવાનો અંદાજ છે. ૮ અને ૯ જાન્યુઆરીના રોજ રાજકોટમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ સમગ્ર ફૂડ પ્રોસેસિંગ મૂલ્ય શૃંખલાને વધુ સારી બનાવવા, રોકાણો આકર્ષવા અને કચ્છ અને રાજકોટ જિલ્લામાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના વિકાસ માટે સહયોગી ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

# ENGIMACH પ્રદર્શનથી એન્જિનિયરિંગ ક્ષેત્રને મળશે વેગ

## એશિયાના સૌથી મોટા એક્ઝિબિશનનો શુભારંભ કરાવતા નાયબ મુખ્યમંત્રી : ૧૦,૦૦૦ થી વધુ ઉત્પાદનોનું પ્રદર્શન



રાજકોટ, તા. ૩

નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે હેલીપેડ, ગાંધીનગર ખાતે એન્જિનિયરિંગ સેક્ટરના એશિયાઈના સૌથી મોટા ૧૭માં ‘ENGIMACH-૨૦૨૫’ ત્રિદિવસીય એક્ઝિબિશનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ એક્ઝિબિશન તા. ૦૩ થી ૦૭ ડિસેમ્બર-૨૦૨૫ સુધી યોજાશે. નાયબ મુખ્યમંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા એન્જિનિયરિંગ-મશિનરી એટલે કે, ‘ENGIMACH-૨૦૨૫’ એક્ઝિબિશનનો ગાંધીનગર ખાતે આજે શુભારંભ થયો છે. ENGIMACHમાં કુલ ૧,૧૦૦થી વધુ દેશ-વિદેશની કંપનીઓ જોડાઈ છે. એક્ઝિબિશનમાં અંદાજે ૫૦ હજારથી વધુ મુલાકાતીઓએ અગાઉથી સહભાગી થવા નોંધણી કરાવી છે પણ આ ત્રણ દિવસ દરમિયાન ચાલનારા એક્ઝિબિશનમાં ૦૧ લાખથી વધુ મુલાકાતીઓ ભાગ લેશે તેવી સંભાવના છે.

વિશ્વના અલગ અલગ દેશોમાંથી ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ મુલાકાતે આવ્યા છે. એક્ઝિબિશનના માધ્યમથી ગુજરાત અને દેશના એન્જિનિયરિંગ અને ઉત્પાદન ક્ષેત્રે કાર્ય કરતી કંપનીઓને કરોડો રૂપિયાનો બિઝનેસ ઉપલબ્ધ થશે. આ એક્ઝિબિશનના માધ્યમમાંથી કંપનીઓને બિઝનેસ મળવાની સાથેસાથે અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં હોટલ સહિત વિવિધ નાના-મોટા વેપારીઓને પણ ધંધામાં ફાયદો થવાની સાથે સ્થાનિક રોજગારી ઉપલબ્ધ થશે.

તેમણે કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સાથે આ વૈશ્વિક કક્ષાના એક્ઝિબિશન સેન્ટરની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી હતી. તેના માધ્યમથી ગાંધીનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૮૦ થી ૧૦૦ દિવસ સુધી વિવિધ પ્રકારના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશન યોજાય છે જેના પરિણામે સ્થાનિક વેપારીઓને ખૂબ મોટો વેપાર મળી રહ્યો છે. આ એક્ઝિબિશન સેન્ટર ખાતે આવનાર કંપનીઓને વધુ સારી સુવિધા આપવાના ઉદ્દેશ સાથે આગામી સમયમાં આ સેન્ટરને વૈશ્વિક કક્ષાના એક્ઝિબિશન સેન્ટર તરીકે વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે એક્ઝિબિશનમાં વિવિધ કંપનીઓના સ્ટોલની રૂબરૂ મુલાકાત લઈને AI તેમજ રોબોટ આધારિત મશિનરીની માહિતીની સાથે-સાથે ટેકનોલોજીમાં અપડેટ વિશે કંપની માલિકો પાસેથી વિગતો મેળવી સંવાદ કર્યો હતો. વધુમાં આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ’મેઈક ઈન ઈન્ડિયા’,’આત્મનિર્ભર ભારત’ અને ’સ્વદેશી અભિયાન’ને વધુ પ્રોત્સાહન આપીને ભારતને એન્જિનિયરિંગ મશિનરી અને મેન્યુફેક્ચરિંગમાં વધુ આત્મનિર્ભર બનાવવા સૌ ઉદ્યોગપતિઓને અનુરોધ કર્યો હતો. અંદાજે ૦૧ લાખ ચો.મીટર જગ્યામાં યોજાયેલા આ એક્ઝિબિશનમાં ૧૦,૦૦૦ વધુ ઉત્પાદનોનું પ્રદર્શન યોજાયું છે.એક્ઝિબિશનમાં વિવિધ ઉદ્યોગો વચ્ચે ‘ઈન્ટરનેશનલ બાયર-સેલર મીટ’ પણ યોજાશે.

# ગંદકી કરતા ૧૦૦૦ વેપારીઓ દંડાયા

## શિસ્તનું પાલન કરાવવામાં મનપા નિષ્ફળ : ૭૯૧ લોકોના મેમા ચડત

રાજકોટ, તા. ૩

સોલિડ વેસ્ટ શાખા દ્વારા ઘણી ખરી કામગીરીઓ કરવામાં આવતી હોય છે અને સ્વચ્છતા ઝુંબેશ ને સુચારુરૂપથી આગળ વધારવા માટે પણ પગલાંઓ લેવામાં આવે છે. પરંતુ ઘણા ખરા અંશે લોકોની જાગૃતતા ના અભાવે જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી. ત્યારે હાલ સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા જે આંકડો કહેવામાં આવ્યો છે તેમાં ચાલુ વર્ષમાં માત્ર ૧૦૦૯ વેપારીઓને તથા વાહન ચાલકોને ઈ મેમો મોકલવામાં આવ્યો. વરવી વાસ્તવિકતા તો એ છે કે સ્વચ્છતા ઝુંબેશ છતાં પણ હજુ સુધી વેપારીઓ કે પછી નાગરિકોમાં કોઈ ફેરફાર થતો નથી અને પરિણામ સ્વરૂપે સ્વચ્છ ભારત ની સાથોસાથ સ્વચ્છ રાજકોટનું જે સ્વપન છે તે જે ગતિએ પૂર્ણ થવું જોઈએ તે થતું નથી.

રાજકોટ મહાપાલિકાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા સ્વચ્છતાના ધોરણોનું પાલન કરાવવા માટે સ્થળ પર અને સીસીટીવી કેમેરા મારફત સ્માર્ટ કામગીરી કરવામાં આવે છે. ન માત્ર જાહેરમાં થુંકવા બદલ પરંતુ જાહેરમાં કચરો ફેંકવાથી માંડી પ્લાસ્ટિકનું વેચાણ કરવા બદલ પણ દંડનીય કાર્યવાહી ચાલે છે. જે અંતર્ગત ચાલુ વર્ષમાં કુલ ૧૦૦૯ વેપારીઓ, વાહન ચાલકો સહિતના નાગરીકોને ઇ-મેમો મોકલવામાં આવ્યાનું



સોલીડ વેસ્ટ શાખાએ જણાવ્યું હતું.

રાજકોટને સ્વચ્છતાના ધોરણોમાં ટોપ પર પહોંચાડવા મનપા દર વર્ષે નવા પ્રયાસો કરે છે. આ વર્ષે ૧૮ વોર્ડ માટે ૧૮ ખાસ પગલા તૈયાર કરવામાં આવ્યા છે. આ વર્ષમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સહિતનો ૧૦ વર્ષનો ૧૧૦૦ કરોડનો કોન્ટ્રાકટ પણ આપવામાં આવ્યો છે. જોકે શરત મુજબ અનેક વિસ્તારમાં હજુ ન્યુસન્સ પોઈન્ટ નાબુદ કરવા માટે નકકર કાર્યવાહી થતી નહીં હોવાની છાપ છે. તેનો અંદાજ કોર્પો.ના જ કોલ સેન્ટરમાં નોંધાતી ફરિયાદોના આંકડા પરથી આવે છે. છતાં હવે ઘરે ઘરેથી ગાર્બેજ કલેકશન સહિતની કામગીરીના પરિણામ આવતા વર્ષમાં જોવા મળશે તેમ તંત્ર કહે છે.

રાજકોટમાં ન્યુસન્સ પોઈન્ટ નું પ્રમાણ પણ ખૂબ વધુ છે ત્યારે આ અંગે શું પગલાં લેવા અને કયા પ્રકારની યોજના બનાવી તે ખૂબ જરૂરી છે હાલ આ કાર્ય કરવામાં મહાનગરપાલિકા પૂર્ણતઃ નિષ્ફળ નિવરી હોય તેવું લાગી રહ્યું છે. આવનારા સમયમાં આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે તો આંકડો હજુ પણ વધી શકે છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સર્વપ્રથમ નાગરિકોને જાગૃત કરવા જરૂરી છે જેથી કોઈપણ પ્રકારની હાલાકી નો સામનો તંત્ર એ ન કરવો પડે અને સ્વયંમ શિસ્ત લોકોમાં આવે. રાજકોટના જુદા જુદા ૪૨ ચોકમાં રહેલા સીસીટીવી કેમેરા પરથી આ ટ્રેકીંગ કરવામાં આવે છે અને વાહનની નંબર પ્લેટ પરથી ઇ-મેમો મોકલવામાં આવે છે. સૌથી વધુ ઇ-મેમો મવડી ચોકડીએ ૨૫૩, નાગરિક બેંક ચોકમાં ૨૧૦ અને લીમડા ચોકમાં ૧૫૧ આપવામાં આવ્યા છે.

# સાંસદોએ લીધી ઉપરાષ્ટ્રપતિની શુભેચ્છા મુલાકાત

## સાંસદ રામભાઈ મોકારીયાની આગેવાની તળે સી.પી.રાધાકૃષ્ણનની લેવાઈ મુલાકાત

રાજકોટ, તા.૩

સરદાર પટેલની પાવન ભૂમિ પર સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા તેમજ ઉપરાષ્ટ્રપતિ બનવા બદલ તાજેતરમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની આગેવાની તળે અન્ય રાજ્યસભાના સંસદોએ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

સંસદસભ્ય રામભાઈ મોકરીયાની આગેવાની હેઠળ રાજ્ય સભાના સંસદ સભ્ય નરહરી અમીન, રમીલાબેન બારા, ગોવિંદભાઈ ધોળકિયા, બાબુભાઈ દેસાઈ, મયંકભાઇ નાયક, કેસરીદેવસિંહ ઝાલા, ડો. જશવંતસિંહ પરમાર વગેરેએ તાજેતરમાં ચૂંટાયેલ ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ સી.પી.રાધાકૃષ્ણનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેઓને ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન આપીને ગુજરાતની સરદાર પટેલની પાવનભૂમિ તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આમંત્રણને તેઓએ સ્વીકારીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવાની ખાતરી આપી હતી. સ્વીકાર કરેલ છે.



# અગ્નિકાંડના ૪ આરોપીના જામીન મંજૂર

## કેસની પરીસ્થીતી તથા રજુ કરાયેલા પુરાવાઓનાં આધારે સેશન્સ કોર્ટે આરોપીને કર્યા જામીન મુક્ત



રાજકોટ, તા. ૩

સમગ્ર રાજ્ય અને ભારતને હચમચાવે તેવી ટીઆરપી અગ્નિકાંડની ઘટના ના ઘાવ હજુ ભરાયા નથી ત્યારે મહત્વનું હોય છે કે, આ અગ્નિકાંડમાં જે આરોપીઓની સંડોવણી ખોલી હતી અને જેમના પર તપાસના આદેશો થયા હતા તેમને સજા મળે તો જ મૃત પરિવારો ને ન્યાય મળી રહેશે પરંતુ ગઈકાલે જે સમાચાર આવ્યા અને સેશન્સ કોર્ટ દ્વારા જે બાકીના આરોપીઓ છે તેને પણ જામીન ઉપર મુક્ત કરાયા તે બાદ અનેકવિધ રીતે ચર્ચાએ જોર પકડ્યું છે. મળતી માહિતી મુજબ કોર્ટ દ્વારા ધવલ ઠક્કર, નિતીન લોઢા, રાહુલ રાઠોડ, તથા મુકેશ રાઠોડના જામીન મંજૂર કર્યા છે. અગાઉ પણ અનેક આરોપીઓ જામીન પર મુક્ત હતા ત્યારે હવે જેટલા આરોપીઓની સંડોવણી આ અગ્નિકાંડમાં હતી તે તમામ જામીન પર છૂટી ચુક્યા છે. મળતી માહિતી મુજબ ૨૫ મે ૨૦૨૪ ના રોજ નાના મવા રોડ નજીક આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી હતી જેમાં ૨૭ લોકોના મોત નીપજ્યા હતા. જંગે પોલીસ ફરિયાદી બની ઇન્ડિયન પીનલ કોડની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો અને ૧૬ આરોપીઓ ને જાહેર કરવામાં આવ્યા હતા.

જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકોધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા,કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા,પ્રકાશચંદ કનહેયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ, ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ , મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર , રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર, જયદીપ બાલુ ચૌધરી, રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર , ઈલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર, ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો.

હાલ એ તમામ ૧૫ આરોપીઓની ધરપકડ કરી તેમને રિમાન્ડ બાદ જેલ હવાલે કરવામાં આવ્યા હતા ત્યારે એક આરોપી પ્રકાશ હિરણનું મોત નીપજ્યું હતું. કોર્ટે જામીન રદ કરતા આરોપી સાગઠીયા તથા ઈલેશ ખેર સુપ્રીમમાં મદદની ગુહાર લગાવી હતી જ્યાં તેઓને જામીન આપવામાં આવ્યા ત્યારે રાજકોટની સેશન્સ કોર્ટ દ્વારા આરોપી ધવલ ઠક્કર, નીતિન લોઢા, રાહુલ રાઠોડ, મહેશ રાઠોડના જામીન મંજુર કર્યા હોવાનું જણાઈ રહ્યું છે.

છેલ્લે ૨૧/૧૧ ના રોજ ગેમઝોનના પ્રોપોરાઈટર આરોપી ધવલ ઠક્કરે રેગ્યુલર જામીન માટે રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. પક્ષકારની દલીલો સાંભળ્યા બાદ અદાલતે માન્યુ કે, કેસની પરીસ્થીતી તથા રજુ કરાયેલા પુરાવાઓનાં આધારે આરોપીને જામીન પર મુકત કરવાની યોગ્યતા દર્શાવ્યા છે.આરોપીના એડવોકેટ દ્વારા અદાલત સમક્ષ મજબુત ધારદાર દલીલો કરતા કોર્ટે દલીલો તથા પુરાવા ધ્યાને લઈ આરોપીને શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ સાથે અગ્નિકાંડના તમામ આરોપીઓ હવે જામીન મુક્ત છે.

# સસ્તા અનાજના વિતરણની તારીખ નથી લંબાવાઇ

## પુરવઠા વિભાગની ખોરી નીતિ સામે લાભાર્થીઓ હેરાન પરેશાન : સંગઠનોની રજૂઆત પણ એળે



રાજકોટ, તા. ૩

રાજકોટ શહેર અને જિલ્લા માટે હાલ સળગતો પ્રશ્ન હોય તો તે પુરવઠા વિભાગનો છે જેમાં ગરીબોને દર મહિને સમયસર અને નિયમિત રીતે અનાજનો જથ્થો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવતા હોય છે પરંતુ સરકારની માનવતા વાદી નીતિની સામે પુરવઠા વિભાગની જે કામગીરી છે ત્યાં અનેકવિધ રીતે પ્રશ્નો ઊભા કરી રહી છે એટલું જ નહીં છેલ્લા અનેક મહિનાઓથી હાલની સ્થિતિ જે પ્રમાણે છે તેમાં ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને ખાસ તો લાભાર્થીઓને સસ્તા અનાજનો લાભ પણ મળતો નથી.

પુરવઠા વિભાગનું સર્વર ઠપ થઈ ગઈ હોવાની એક નહીં વ્યાપક ફરિયાદો સમયાંતરે જોવા મળતી હોય છે તો સામે કોન્ટ્રાક્ટરોની બેદરકારી અંગેના પણ આક્ષેપો વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યા છે ત્યારે છેલ્લા પાંચ થી છ મહિનાની વાત કરવામાં આવે તો રાજકોટ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં સસ્તા અનાજના જથ્થાથી લાભાર્થીઓ સંપૂર્ણપણે વંચિત છે. જે વિગતો મળી રહી છે તેને અનુસાર રાજકોટ સહિત અનેક જિલ્લાઓમાં લાખો લાભાર્થીઓ તેમના હકથી વંચિત રહેલા છે અને અનેકવિધ ફરિયાદો કરવામાં આવી છતાં પણ જે વ્યવસ્થા ઊભી થવી જોઈએ તે થઈ શકી નથી ત્યારે વેપારી સંગઠનો દ્વારા પુરવઠા વિભાગને એક નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ વિકટ પ્રશ્નોનો ઉકેલ હજી સુધી આવ્યો નથી. ત્યારે હવે આગામી સમયમાં પણ આ જ સ્થિતિનું નિર્માણ થાય તેવી હાલ ચર્ચાએ જોર પકડ્યું છે. ગત નવેમ્બર માસમાં અનેક લાભાર્થીઓને પૂરતું અનાજ પણ મળ્યું ન હોવાની એક નહીં અનેક ફરિયાદો ઉઠવા પાણી છે. વેપારી સંગઠનો દ્વારા પુરવઠા વિભાગને વિતરણ ની તારીખ લંબાવવા માટે પણ આજીજી કરી હતી છતાં હજી સુધી પુરવઠા તરફથી કોઈ ઉકેલ અથવા તો તારીખ વધારવામાં આવશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૭૪ લાખ ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબોને દર માસે મફત અને વ્યાજબી ભાવે અનાજ કઠોળ ખાંડ નમક વગેરે જનસીઓ આપવામાં આવે છે ગત નવેમ્બર માસમા મોટાભાગના તાલુકા અને શહેરોમાં વ્યાજબી ભાવની દુકાન ખાતે મોડો જથ્થો પહોંચવાના કારણે હજારો રેશનકાર્ડ ધારકો નવેમ્બર માસના જથ્થાથી વંચિત રહેલા છે. એક તરફ અમુક દુકાનો ખાતે જથ્થો મોડો પહોંચ્યો છે જ્યારે બીજી તરફ સર્વરમા આવતી સતત એરરો અને વારંવાર સર્વરનુ ડાઊન થવું ઊપરથી ઓટીપી દ્વારા વિતરણ ન કરવાની અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ સૂચના ને કારણે નવેમ્બર માસનું વિતરણ ખુબજ ઓછુ થયુ છે.

સાથે સાથે ગ્રાહકો જે ગ્રાહકનો ફિંગર પ્રિન્ટ મેચ ન થાય તો રાશનકાર્ડમા સમાવિષ્ટ અન્ય સભ્યને બોલાવોને તેના બાયોમેટ્રિક ટ્રાય કરવાના આવુ વારંવાર કરવાથી રાશનકાર્ડ ધારકોને હેરાનગતિ ભોગવી પડી છે. ત્યારે ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા રાજ્યના સંયુક્ત નિયામક સહિતના અધિકારીઓને મેસેજ તથા ફોન કોલ થી નવેમ્બર માસના વિતરણની મુદત વધારવા માટે અપીલ કરેલી હતી.

જો નવેમ્બર માસના વિતરણની મુદત વધારી અને ડિસેમ્બર માસની શરૂઆતમાં નવેમ્બર માસમા બાકી રહી ગયેલા રાશનકાર્ડ ધારકોને નવેમ્બર માસના જથ્થાનુ વિતરણ થાય તો હજારો રેશનકાર્ડ ધારકો કે જેઓને કેન્દ્ર તથા રાજ્ય સરકાર તરફથી મળતી મફત તથા વાજબી ભાવની વિવિધ જનસીઓ મેળી શકે તથા રાજ્યના વ્યાજબી ભાવના દુકાનદારો કે તેમને વિતરણ માટે મિનિમમ કમિશન મેળવવા માટે ટાર્ગેટ આપવામાં આવે છે.

# ૨૩૩૩ આંગણવાડી કાર્યકરોને નિમણૂક પત્ર

## રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી રહેશે ઉપસ્થિત : રાજયભરમાં ૯૦૦૦ ઉમેદવારોને અપાશે નિમણૂકપત્રો




રાજકોટ, તા. ૩

કૃષિ મંત્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં આંગણવાડી કેન્દ્રની કાર્યકર, તથા તેડાગરની જગ્યાઓ માટે પસંદગી પામેલા રાજકોટ ઝોનના તમામ ૨૩૩૩ ઉમેદવારોને આજે સવારે ૧૧:૦૦ કલાકે એ.એસ. ચૌધરી હાઇસ્કુલ ખાતે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવશે. રાજકોટ ઝોનના ગીર સોમનાથ-જૂનાગઢ-પોરબંદર-અમરેલી-કચ્છ-મોરબી-જામનગર જિલ્લાઓ, સંલગ્ન જિલ્લા પંચાયતો અને ૩ મહાનગરપાલિકાઓના કુલ ૨૩૩૩ ઉમેદવારો આંગણવાડી કેન્દ્રની કાર્યકર, તથા તેડાગરની જગ્યાઓ માટે પસંદગી પામ્યા છે, જે તમામને આ કાર્યક્રમમાં નિમણૂકપત્રો એનાયત કરવામાં આવશે. અમદાવાદ ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજય કક્ષાનો કાર્યક્રમ યોજાશે, જયારે રાજકોટ,સુરત અને વડોદરા ખાતે યોજાનારા ઝોન કક્ષાના કાર્યક્રમો સહિત રાજયભરમાં કુલ ૯૦૦૦ ઉમેદવારોને નિમણૂકપત્રો અપાશે.

રાજકોટ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ સર્વે પરસોત્તમભાઇ રૂપાલા, રામભાઇ મોકરીયા અને કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય સર્વે ઉદયભાઇ કાનગડ, રમેશભાઇ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, જયેશભાઇ રાદડીયા, ગીતાબા જાડેજા, ડો. મહેન્દ્રભાઇ પાડલીયા, દુર્લભજીભાઇ દેથરીયા, જીતુભાઇ સોમાણી સહિતના મહાનુભાવોના હસ્તે આ નિમણૂકપત્રો આપવામાં આવશે.

**આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ**

# ૧૯ દિવ્યાંગજનોનો સન્માન સમારોહ

## દિવ્યાંગોએ વિવિધ ગીતો ઉપર નૃત્યસભર અભિવ્યક્તિ કરી ઉપસ્થિતઓના મોહી લીધા મન





રાજકોટ, તા. ૩

તમામ પ્રકારની દિવ્યાંગતાના સહજ સ્વીકાર સાથે દિવ્યાંગોનું સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપન કરવાના ઉદ્દેશ્યથી માનસિક ક્ષતિવાળા બાળકોના ગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે ''આંતરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ''ની ઉજવણી કરાઇ હતી. આ કાર્યક્રમમાં દિવ્યાંગોએ વિવિધ ગીતો ઉપર નૃત્યસભર અભિવ્યક્તિ કરીને ઉપસ્થિતઓના મન મોહી લીધા હતા. સમાજમાં દિવ્યાંગજનો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત કરવામાં આવેલી સિદ્ધિઓનું ગૌરવ વધારવા શિક્ષણ, કલા, રમત-ગમત, સામાજિક સેવા અને સ્વરોજગારી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર કુલ ૧૯ વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉત્મભાઈ મારૂ, કમલેશભાઈ માળવી, ડો. પ્રકાશ કાગડા, ગોપાલભાઈ કંથારિયા, ડો. દેવ્યાની વછરાજાની, સોનલ વસોયા વગેરેનું આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું.

સામાજિક સેવા અને પુનઃસ્થાપન ક્ષેત્રે યોગદાન બદલ અંધજન કલ્યાણ મંડળ, રાજકોટ, એકરંગ ચાઈલ્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, જિનિયસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, બહેરા-મૂંગા બાળકો માટે કાર્યરત શાળાઓ,ધનવંતરી આરોગ્ય માનવ કલ્યાણ ટ્રસ્ટ,મા શારદા સેરેબ્રલ પલ્સી વિભાગ, બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ, મધર ટેરેસા આશ્રમ, સ્નેહ નિર્ઝર સહિતની અનેક સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી. વિશ્વભરમાં દર વર્ષે ૦૩ ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે, ગુજરાત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા સમાજ સુરક્ષા વિભાગ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે નિવાસી અધિક કલેકટર એ.કે.ગૌતમની ઉપસ્થિતિમાં દિવ્યાંગ ભાઈઓ-બહેનોના વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમના સ્વામી ધર્મપાલ નંદજી, પ્રયાસ પેરેન્ટ્સ એસોસિએશનના પૂજા પટેલ, બોલબાલા ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય, નવશક્તિ સંસ્થાના રાની સિસ્ટર, વી. ડી. પારેખ અંધ મહિલા ગૃહના ટ્રસ્ટી હીનાબેન મોદી, બહેરા મૂંગા શાળાના ટ્રસ્ટી રજનીભાઈ બાવીસી તથા નરેન્દ્રભાઈ દવે સહિતના અગ્રણીઓ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થના શેરસીયા તેમજ ઉપરોક્ત તમામ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સૌ.યુનિમાં ૧૭૦ જગ્યા માટે મેગા ભરતી

## ટીચિંગ તથા નોન ટીચિંગ સ્ટાફની થશે ભરતી : કાલની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં નક્કી થશે નિયમો




રાજકોટ, તા. ૩

એક વખતની અનેક વખત એ વાત સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થયેલી છે કે સરકારી વિભાગોમાં હાલ અપૂરતો સ્ટાફ હોવાથી જે કામગીરી થવી જોઈએ તે થતી નથી ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ હાલ ખૂબ મોટા પ્રમાણમાં ભરતી કરવી પડે તેવા સંજોગો ઊભા થયા છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ભારતીય અભિયાન હાથ ધરવામાં આવશે જેમાં ૧૭૦ ટીચિંગ તથા નોન ટીચિંગ સ્ટાફની ભરતી કરવામાં આવનારી છે જે માટે તંત્રએ તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

મળતી માહિતી મુજબ હાલ અપૂરતા સ્ટાફ ના કારણે જે કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી ત્યારે રાજ્ય સરકારને પણ આ બાબતે યુનિવર્સિટી દ્વારા અનેક વખત જાણ કરવામાં આવી હતી ત્યારે અત્યારે ૧૭૦ લોકોની ભરતી કરવાની પરવાનગી યુનિવર્સિટીને મળેલી છે. જે માટે યુનિવર્સિટી દ્વારા કાલે બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા ટીસીની ખાસ બેઠક બોલાવવામાં આવી છે જેના વ્યસ્ત સ્થાને કુલપતિ ઉત્પલ જોશી રહેશે એટલું જ નહીં આ બેઠકમાં ભરતી માટેના નિયમો પણ નક્કી કરવામાં આવશે તેવું યુનિવર્સિટીના સંપર્ક સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ યુનિવર્સિટી દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટ ની બેઠકમાં આ મામલે અનેકવિધ ચર્ચા વિચારણા કરવામાં આવશે અને છેલ્લા ઘણા સમયથી કાયમી રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક, ગ્રંથપાલ, તથા એન્જિનિયર સહિતના વિવિધ ભવનોમાં જે અધ્યાપકોની ઘટ છે તેની પૂર્તતા કરવામાં આવે તે પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સાથો સાથ નોન ટીચિંગ સ્ટાફ ની પણ ભરતી પ્રક્રિયા આ વર્ષે હાથ ધરાશે. બીજી તરફ વહીવટી કામગીરીનું ગાડું હાલ કોન્ટ્રાક્ટ બેઝ ઉપર ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે કર્મચારીઓ માટે નિયમોની યોગ્ય અમલવારી કરવામાં આવે તે પ્રકારે પણ ચર્ચા હાથ ધરાશે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ અગાઉ પણ આ બાબતે મને એક વખત રજૂઆતો કરવામાં આવી હતી ભરતી માટેની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી છતાં ઉમેદવારોની ફાઈલ અભેરાઈ પર ચડાવી દેવામાં આવી હોવાનું જણાયું છે. હાલની આ જાહેરાતથી યુનિવર્સિટીમાં જે પ્રશ્ન સળગતો હતો તેમાં ઘણાખરા અંશે રાહત મળી રહેશે અને નવી ભરતી થતા ની સાથે જ જે કામનું ભારણ છે તેમાં પણ ઘટાડો આવશે તેવું હાલ જણાઈ રહ્યું છે. હવે યુનિ.માં ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની ખાલી રહેલી આ જગ્યાઓ માટે કર્મચારીઓની ભરતી કરવા માટે કાર્યવાહી હાથ ધરવા માટે તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ માટે આગામી તા.૫ને શુક્રવારના બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને ઈસીની ખાસ બેઠક યુનિ.ના કુલપતિ દ્વારા બોલાવવામાં આવી છે જેમાં ભરતીના નિયમો નકકી કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ મહત્વની વાત તો એ છે કે તરસ લાગે ત્યારે કુવો કેમ ખોદવો આ કહેવત યુનિવર્સિટીને સ્પર્શે છે. અગાઉ પણ આ પ્રકારની અનેકવિધ કામગીરી અને પ્રક્રિયામાંથી યુનિવર્સિટીએ પસાર થવું પડ્યું છે અને પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓની સાથો સાથ વહીવટને પણ ખાંસી એવી અસર પહોંચેલી છે ત્યારે તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આગામી ભરતી સુચારું રૂપથી થાય તે જરૂરી છે તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. હાલ યુનિવર્સિટીમાં પણ અનેકવિધ પ્રશ્ન વિરોધ ઉઠી રહ્યો છે ત્યારે શૈક્ષણિક સ્તર સુધારવા માટે અનેકવિધ પરિબળો પર યોગ્ય ચર્ચા અને નક્કર નિર્ણય લેવો ખૂબ જરૂરી અને અનિવાર્ય છે.

# રવિવારે આકાશ બનશે વિવિધ કર્તાબોનું સાક્ષી

## સૂર્ય કિરણ એરોબેટિક ટીમ મન મોહી લેવા સજ્જ : એરફોર્સ બેન્ડ તથા સશસ્ત્ર સાધનોનું પ્રદર્શન

રાજકોટ, તા. ૩

અટલ સરોવર પાસે આવેલા સ્માર્ટ સિટી વિસ્તારમાં રવિવારે અદભુત આકાશી નજારો રાજકોટના લોકો નિહાળી શકશે જે માટે સ્માર્ટ સિટી વિસ્તારના તમામ રોડને નિરીક્ષણ માટે અનામત રાખવામાં આવશે. આ અંગેની જાણ ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા પત્રકાર પરિષદ મારફતે કરવામાં આવી હતી એટલું જ નહીં તેઓ જણાવ્યું હતું કે શનિવાર અને તારીખ ૬ ના રોજ ગ્રાન્ડ રિહર્સલ પણ યોજાશે જે મુખ્ય કાર્યક્રમોની સમકક્ષ જ હશે ત્યારે અનેકવિધ નવા નજરાણા સાથે આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં એરફોર્સ બેન્ડ પણ પોતાનો કરતા દેખાડશે જેનો લાહવો લેવા માટે રાજકોટના લોકોને આમંત્રણ પણ આપવામાં આવ્યું છે. સાથોસાથ આ દિવસે એરફોર્સના શસ્ત્રનો પ્રદર્શન પણ યોજવાનું છે.

એક લાખ લોકો નિહાળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ આયોજન અનુસંધાને ગઈકાલે અટલ સરોવર ખાતે મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપવામાં આવી હતી.આ પત્રકાર પરિષદને સંબોધન કરતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતના ગૌરવ અને શૌર્યની પ્રતીક એવી ભારતીય વાયુ સેનાની સૂર્યકિરણ એરોબેટિક ડીસ્પ્લે ટીમ દિલધડક અવકાશી પરફોર્મન્સ પ્રદર્શિત કરી શહેરીજનોને મંત્રમુગ્ધ કરી દેશે.

તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ એરશો દરમ્યાન જામનગરથી ઉડાન ભરનાર ૯ કે તેથી વધુ પ્લેનની ટીમ સ્માર્ટ સીટી એરિયા



ઉપર એરોબેટિક ડીસ્પ્લે રજુ કરશે. થોડા સમય પૂર્વે દુબઈમાં યોજાયેલ એરશોમાં પણ સૂર્યકિરણ ટીમ દ્વારા પરફોર્મન્સ આપવામાં આવ્યું હતું. સામાન્ય રીતે એરશોનો સમયગાળો ૩૦ મીનીટ જેવો હોય છે પરંતુ રાજકોટમાં એક કલાક જેવો સમય ફાળવવામાં આવ્યો છે. સાથોસાથ એરફોર્સ બેન્ડની સુરાવલી સાંભળવાની પ્રથમવાર તક મળે તે પણ ગૌરવની વાત છે.

એક લાખ લોકો એર શો નિહાળી શકે તેવી વ્યવસ્થા મનપા દ્વારા કરવામાં આવી રહી છે. આથી કોઈ દુર્ઘટના ન બને તેની તકેદારી રાખવામા આવશે. છતાં જો કોઈ દુર્ઘટના બને તો તેના માટે બી.આર.ટી.એસ રૂટ ઈમરજન્સી માટે રિઝર્વ રખાશે. જેથી કોઈ પણ ઘટના માં ટ્રાફિક બધા બને નહીં. ૯ વિમાનો જામનગર થી ઓપરેટ થશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા. અટલ સરોવર સ્માર્ટ સીટી વિસ્તારમાં શાનદાર એર શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ એર શોમાં જોડાવા રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવી પણ રાજકોટ આવનાર હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટમાં આ પ્રથમ શો યોજાઇ રહ્યો છે. જામનગર એરફોર્સના ૯ વિમાન શનિ અને રવિવારે દિલધડક કરતબ રજુ કરશે. નગરજનો માટે જીવંત રોમાંચ માણવાનો આ પ્રથમ અવસર બનવાનો છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ગોવાળિયા બેકાબૂ!

## ‘લાલો’ ફિલ્મ લોકોને ભલે ગમી, પણ ભગવાનને...



આપણે પરમાત્માને પ્રેમ કરીએ અને પરમાત્મા આપણને પ્રેમ કરે. એ બન્ને સ્થિતિમાં તફાવત છે. ફલાણા પ્રધાનને હું ઓળખું છું, તેમ કહીને ઘણાં ફિશિયારી મારતા હોય છે, પણ એ પ્રધાન ફિશિયારી મારનારને ઓળખે છે કે નહિ તેનું મહત્વ વધારે ગણાય. સામાન્ય પ્રધાન માટે પણ આ સ્થિતિ હોય તો પરમાત્મા અંગે કેવી સ્થિતિ હોય? કૃષ્ણના ભગતો ઘણાં છે, પરંતુ કૃષ્ણ જેમને પ્રેમ કરે તે શ્રેષ્ઠ ભગત ગણાય.

ગુજરાતી ફિલ્મ લાલો હાલ ખૂબ ચર્ચામાં છે. આ ફિલ્મે રૂા. ૧૦૦ કરોડને પાર કરીને અલભ્ય વ્યવસાયી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. દેશ-વિદેશમાં ફિલ્મના ડંકા વાગે છે એ ગુજરાતનું ગૌરવ છે. ધાર્મિક લોકો અને ખાસ કરીને ક્રિષ્નભક્તો મન મૂકીને ફિલ્મ માણી રહ્યા છે.

મધપુડો હોય ત્યાં મધમાખી ટોળે વળે તેમ ‘લાલો’ ફિલ્મ આસપાસ પ્રસિદ્ધિ લેનારાના અને વ્યવસાયી ટોળાઓ વળગી ગયા છે. ‘લાલો’ની ટીમ પણ આ દિશામાં વળી ગઇ છે. સ્થાનિક આયોજકો સાથે સેટિંગ કરીને પ્રસિદ્ધિ-કે રોકડી કરી લેવાના આયોજનો થયા લાગ્યા છે.

રાજકોટમાં એક મોલમાં તાજેતરમાં ‘લાલો’નું પ્રમોશન યોજાયું હતું. પ્રમોશનનો પ્રચાર હદ ઉપરાંત થયો હતો. લોકો પણ પ્રમોશનમાં ઊમટી પડ્યા હતા. પરમાત્માના વિષયને આવરી લેતી આ ફિલ્મના પ્રમોશનમાં અફરાતરફી-અંધાધુંધી થઇ હતી. કહેવાતા ભક્તોના કારણે એક બાળકી એસ્કેલેટર પર પટકાઇ હતી.

ઊમટી પડેલાં લોકો બાઉન્સરોને પણ ગણકારતા ન હતા. અંધાધુંધી બાદ પોલીસને સક્રિય થવા ફરજ પડી હતી. પૂર્વ મંજૂરી વગર યોજાયેલા કાર્યક્રમ અંગે કેસ થયો હતો. સવાલ એ થાય કે, કાર્યક્રમ પૂર્વે ધમધોકાર પ્રચાર ચાલતો હતો ત્યારે મંજૂરી યાદ આવી ન હતી.

પ્રમોશનમાં આવેલા કલાકારો પણ પોતે અમિતાભ બચ્ચન હોય તેમ પ્રગટ થયા હતા. સૌથી મોટી બાબત એ છે કે, ભારતમાં લોકોને ફેન્સ બની જવાનો નશો ચઢ્યો છે. મનફાવે તેના ફેન્સ બની જાય છે. ‘લાલો’ના પ્રમોશનમાં ઊમટી પડેલાં ગોવાળિયા બેકાબૂ બની જાય એ બાબત દર્શાવે છે કે, ‘લાલો’ની ઝાકમઝોળમાં ગોવાળિયાઓને વધારે રસ છે. લાલાના તત્વમાં કે ઊર્જામાં કે ભક્તિમાં કોઇને રસ નથી.

ધર્મના નામે ભારતમાં ઘણાં ધંધા ચાલે છે. ઘણાં આશ્રમો પણ ધર્મના નામે ધમધોકાર વ્યવસાય કરે છે. લાલો ફિલ્મ અમુક દર્શકોને ઉત્તમ ભક્ત બનવાની પ્રેરણા આપી હશે, પણ મોટાભાગનાને તો પૈસા-પ્રસિદ્ધિ-ઝાકમઝોળમાં જ રસ છે. વ્યવસાય કરવો, પ્રસિદ્ધ થવું એ પાપ નથી, પણ તેમાં નીતિ અને નિયતી સાફ હોવા જોઇએ.

|| પ્રેમભકિતના હસ્તાક્ષરે ||

થાક દરેક વ્યક્તિને લાગે છે વાલા
કોઈકને જિંદગીથી, કોઈને સંબંધોથી,
તો કોઈકને જવાબદારીઓથી
અહીં પ્રત્યેક વ્યક્તિ થાકેલો છે.
પોતાની નૈતિક ફરજો થી.
ઝૂમતા નહીં આવડે તો ચાલશે,
પણ ઝઝુમીયા વગર તો
છૂટકો જ નથી.



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# SIR બન્યું હંગામાનું કારણ

## કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણજીત રંજને પ્રદૂષણ પર વ્યક્ત કરી ચિંતા

નવીદિલ્હી, તા. ૩

આજે સંસદના શિયાળુ સત્રનો ત્રીજો દિવસ છે. સત્રનો બીજો દિવસ હંગામાથી ભરેલો રહ્યો. વિપક્ષના હોબાળાને કારણે, લોકસભા ૩ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી અને રાજ્યસભા પણ ૩ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. SIR મુદ્દો બંને ગૃહોમાં હંગામાનું કારણ બન્યો છે, વિપક્ષ તેના પર ચર્ચાની માંગ કરી રહ્યું છે. સંસદીય સત્રનો ત્રીજો દિવસ પણ હંગામાથી ભરેલો રહેવાની ધારણા છે. સત્રના બીજા દિવસે, જ્યારે વિપક્ષે SIR મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો, ત્યારે શાસક પક્ષે મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરવાનો પ્રયાસ કર્યો. સત્રની શરૂઆત હોબાળાથી થઈ. વિપક્ષે માંગ કરી કે સરકાર ગૃહમાં આવે અને સ્પષ્ટ નિવેદન આપે કે ચૂંટણી સુધારા પર ચર્ચા કરવામાં આવશે. સરકારે જવાબ આપ્યો, ‘‘વિપક્ષ સરકારે શું કરવું જોઈએ તે નક્કી કરી શકતું નથી. આ શક્ય નથી.

કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણજીત રંજને પ્રદૂષણ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું, ‘‘અમે આ મુદ્દા પર ગૃહમાં નોટિસ આપી હતી, પરંતુ તેની ચર્ચા થઈ ન હતી.‘‘ તેમણે ઉલ્લેખ કર્યો કે સોનિયા ગાંધીએ પણ અખબારમાં આ મુદ્દા પર એક લેખ લખ્યો છે. રણજીત રંજને કહ્યું, ‘‘જો આપણા જીવ બચશે તો જ આપણે સંસદમાં આવી શકીશું. આજે પ્રદૂષણનું સ્તર એટલું વધી ગયું છે કે ફરવા જવું પણ મુશ્કેલ બની ગયું છે. જો આપણે સ્વસ્થ રહીશું તો જ આપણે આ મુદ્દા પર ચર્ચા કરી શકીએ છીએ.‘‘ તેમણે સંસદ ભવનની આસપાસ ચાલી રહેલા બાંધકામ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે આનાથી પણ પ્રદૂષણ થઈ રહ્યું છે. વૃદ્ધો અને બાળકોનું જીવન મુશ્કેલ બની ગયું છે. તેમણે વડા પ્રધાનને આ મુદ્દા પર કડક પગલાં લેવાની અપીલ કરી. રણજીત રંજને કહ્યું કે પ્રદૂષણનો સામનો કરવા માટે આપણે ચીન અને સિંગાપોર જેવા દેશો પાસેથી શીખવાની જરૂર છે અને આ મુદ્દા પર સંસદમાં ઓછામાં ઓછા આઠ કલાક ચર્ચા થવી જોઈએ.



કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ ‘‘સંચાર સાથી‘‘ પહેલ વિશે કહ્યું, ‘‘સંચાર સાથી દ્વારા સમગ્ર દેશને જાસૂસી પ્રણાલીમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યો છે. સરકારે આદેશ આપ્યો છે કે દરેક સેલફોન ઉત્પાદક અને આયાતકારે દરેક સ્માર્ટફોન અને સેલફોન પર સંચાર સાથી એપ્લિકેશન અપલોડ કરવી આવશ્યક છે. સરકારે એ પણ આદેશ આપ્યો છે કે હાલના સ્માર્ટફોનમાં સોફ્ટવેર અપગ્રેડ દ્વારા સંચાર સાથી એપ્લિકેશન હોવી જોઈએ, અને સંચાર સાથી એપ્લિકેશનમાં ફેરફાર અથવા ડિલીટ કરી શકાતી નથી. તો, આનાથી દરેક સ્માર્ટફોન અને સેલફોન વપરાશકર્તા પર શું અસર પડે છે? હવે, સરકાર દરેક સ્માર્ટફોન અને સેલફોન વપરાશકર્તાનું સ્થાન ટ્રેક કરી શકે છે. સરકાર તમારી બધી વાતચીત સાંભળી શકે છે, તમે શું ખરીદો છો તે જાણી શકે છે અને તમારા ફોટા પણ મેળવી શકે છે. જો કોઈ વિદેશી હેકર અથવા એજન્સી સંચાર સાથી એપ્લિકેશનને હેક કરે છે, તો દરેકનો ડેટા લીક થઈ જશે. આ કયા કાયદા હેઠળ થઈ રહ્યું છે? હું આ અંગે સરકાર પાસેથી જવાબદારી માંગું છું.

# અલ-ફલાહમાં તૈયાર થાતી નકલી દર્દીઓની યાદી

### NIAએ ૭૩ સાક્ષીઓના નોંધાયા નિવેદનો : દરરોજ ૧૦૦થી ૧૫૦ નકલી દર્દીઓની ફાઇલો તૈયાર કરવામાં આવતી




નવીદિલ્હી, તા. ૩

ગયા મહિને દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ ઝડપથી આગળ વધી રહી છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) આ કેસની તપાસ કરી રહી છે. એજન્સીએ અત્યાર સુધીમાં ૭૩ સાક્ષીઓના નિવેદનો નોંધ્યા છે. અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા વ્યક્તિઓના નામ વિસ્ફોટમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે, અને યુનિવર્સિટી વિશે નવા ખુલાસા પણ સતત બહાર આવી રહ્યા છે. એક નવો ખુલાસો થયો છે કે દરરોજ નકલી દર્દીઓની યાદી તૈયાર કરવામાં આવતી હતી. સૂત્રો કહે છે કે અલ-ફલાહ યુનિવર્સિટી આ નવા ખુલાસોનો વિષય રહી છે. યુનિવર્સિટીના એક ભૂતપૂર્વ નર્સિંગ સ્ટાફ સભ્યએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં દરરોજ ૧૦૦ થી ૧૫૦ નકલી દર્દીઓની ફાઇલો તૈયાર કરવામાં આવતી હતી. આ મેનેજમેન્ટની સૂચના પર કરવામાં આવ્યું હતું. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે આદેશોનો અનાદર કરનારા કર્મચારીઓને ગેરહાજર જાહેર કરવામાં આવતા હતા અને તેમના પગારમાં કાપ મૂકવામાં આવતો હતો. ભૂતપૂર્વ કર્મચારીના જણાવ્યા મુજબ, યુનિવર્સિટીમાં હિન્દુ સ્ટાફ સાથે આવો ભેદભાવ કરવામાં આવતો હતો. રાત્રિ શિફ્ટ પર પણ ખાસ ધ્યાન આપવામાં આવતું હતું. કાશ્મીરી સ્ટાફને સામાન્ય રીતે રાત્રિ ફરજ સોંપવામાં આવતી હતી, અને આમાંના કેટલાક ડોકટરો પાકિસ્તાનની પ્રશંસા કરતા હતા. હોસ્પિટલ પરિસરમાં ‘‘પાકિસ્તાન ઝિંદાબાદ‘‘ ના નારા ઘણી વખત સંભળાતા હતા.

અગાઉ, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ સાથે સંબંધિત કેસનું પ્રતિનિધિત્વ કરવા અને અન્ય સંબંધિત બાબતોનું સંચાલન કરવા માટે વરિષ્ઠ વકીલ માધવ ખુરાનાને ખાસ સરકારી વકીલ તરીકે નિયુક્ત કર્યા હતા. ૧૦ નવેમ્બરની સાંજે થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં ૧૫ લોકો માર્યા ગયા હતા. દરમિયાન, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દિલ્હી બોમ્બ વિસ્ફોટની પોતાની તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં સાત મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. વિસ્ફોટ અંગે ઘણા ડોકટરોની પૂછપરછ કરવામાં આવી છે, અને તપાસ ચાલુ છે. આ વિસ્ફોટ ત્યારે થયો જ્યારે કથિત આત્મઘાતી બોમ્બર, ઉમર ઉન નબીએ I20 કારની અંદર IED નો ઉપયોગ કરીને પોતાને ઉડાવી દીધો.

આખો કેસ જમ્મુ અને કાશ્મીર પોલીસે શોધી કાઢેલા વ્હાઇટ-કોલર આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલો છે. ડો. ઉમર જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાના રહેવાસી હતા અને હરિયાણાના ફરીદાબાદમાં અલ ફલાહ યુનિવર્સિટીમાં જનરલ મેડિસિન વિભાગમાં સહાયક પ્રોફેસર તરીકે કાર્યરત હતા. NIAએ ઉમરનું બીજું વાહન જપ્ત કર્યું છે, જેની તપાસ કેસમાં પુરાવા એકત્રિત કરવા માટે કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં ૭૩ સાક્ષીઓના નિવેદનો નોંધ્યા છે, જેમાં વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોનો પણ સમાવેશ થાય છે.

### SIR અભિયાન અંગે માંગી પ્રતિક્રિયા
### ચૂંટણી જીતવા સખત મહેનત કરવાની કરી માંગ

# વડાપ્રધાન મોદીએ બંગાળના સાંસદો સાથે કરી મુલાકાત



નવીદિલ્હી, તા. ૩

બિહાર વિધાનસભાની ચૂંટણીઓ બાદ, રાજકીય પક્ષો આવતા વર્ષે અનેક રાજ્યોમાં ચૂંટણી માટે તૈયારી કરી રહ્યા છે. આવતા વર્ષે ચૂંટણી થનારા રાજ્યોમાં પશ્ચિમ બંગાળ પણ સામેલ છે. ચૂંટણી પહેલા ત્યાં પણ SIR પ્રક્રિયા ચાલી રહી છે. દરમિયાન, બુધવારે સંસદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળના સાંસદો પાસેથી રાજ્યમાં ચાલી રહેલા SIR અભિયાન અંગે પ્રતિક્રિયા માંગી. તેમણે ભાજપના સાંસદોને ચૂંટણી જીતવા માટે સખત મહેનત કરવા પણ વિનંતી કરી. દિલ્હીમાં, પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદો સાથે મુલાકાત કરી. સૂત્રો કહે છે કે પીએમ મોદીએ રાજ્યમાં જારી કરવામાં આવી રહેલી મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ના મુદ્દા પર ચર્ચા કરી. તેમણે તેમને કહ્યું કે SIR એક શુદ્ધિકરણ પ્રક્રિયા છે અને તે હાથ ધરવી જ જોઈએ. તે એક સરળ પ્રક્રિયા છે અને જટિલ ન હોવી જોઈએ. આ સ્પષ્ટ સંદેશ સામાન્ય લોકો સુધી પહોંચવો જોઈએ.

તેમણે સાંસદોને કહ્યું, ‘‘SIRનો એકમાત્ર હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે લાયક મતદારોનો સમાવેશ થાય અને જે નથી તેમને મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવે.‘‘ આવતા વર્ષની શરૂઆતમાં પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, અને ભાજપ રાજ્યમાં પહેલીવાર સત્તા કબજે કરવાનું લક્ષ્ય રાખી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાંસદો સાથેની તેમની મુલાકાત દરમિયાન, પીએમ મોદીએ તેમને ઉત્સાહિત કરતા કહ્યું, ‘‘આપણે આ માટે સખત મહેનત કરવી પડશે અને બંગાળમાં આ ચૂંટણી જીતવાની ખાતરી કરવી પડશે. તમે ખૂબ આગળ નીકળી ગયા છો. આપણે આ શાસન સામે લડત ચાલુ રાખવી પડશે.

પીએમ મોદીએ કેન્દ્ર સરકારની યોજનાઓના લાભાર્થીઓ સાથે નિયમિત સંપર્ક જાળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે સાંસદોને સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરવા અને કેન્દ્ર સરકારના કામકાજને જનતા સુધી પહોંચાડવા નિર્દેશ આપ્યો. બીજી તરફ, ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીએ લીક થયેલા વોટ્સએપ સંદેશનો ઉલ્લેખ કરીને આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળ વહીવટીતંત્ર SIRમાં મૃત મતદારોના નામ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, શાસક તૃણમૂલ કોંગ્રેસે આ આરોપને પાયાવિહોણો ગણાવ્યો હતો.

# ભારત-નેપાળ સરહદ ભેદવી મુશ્કેલ

## બંને દેશોએ વિઝા વિના પ્રવેશ કરનારાઓ સામે કડક કાર્યવાહીનો નિર્ણય

નવીદિલ્હી, તા. ૩

તાજેતરના મહિનાઓમાં, ભારત-નેપાળ સરહદ પર ત્રીજા દેશના નાગરિકો, ખાસ કરીને પાકિસ્તાન, ચીન અને યુકેના નાગરિકોની ઘૂસણખોરીએ સુરક્ષા એજન્સીઓમાં ચિંતા વધારી છે. પરિણામે, ભારત અને નેપાળે સરહદ પર દેખરેખ વધારવા, ગુપ્ત માહિતી શેર કરવા અને વિઝા વિના પ્રવેશ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. બંને દેશોની સુરક્ષા એજન્સીઓ અનુસાર, ત્રીજા દેશના નાગરિકો પાસપોર્ટ અને વિઝા વિના ભારતમાં પ્રવેશવા માટે ખુલ્લી સરહદનો લાભ લઈ રહ્યા છે. ૧૫ નવેમ્બરના રોજ, સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ (SSB) એ નેપાળ સરહદ પર બે બ્રિટિશ નાગરિકોને પકડી પાડ્યા હતા, જેમાંથી એક પાકિસ્તાની મૂળનો હોવાનું જાણવા મળ્યું હતું. ઘણા ચીની નાગરિકો પણ નેપાળ દ્વારા ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશતા મળી આવ્યા છે.

બહરાઇચમાં ધરપકડ કરાયેલી એક ચીની મહિલાને તાજેતરમાં કોર્ટે આઠ વર્ષની જેલ અને ₹૫૦,૦૦૦ દંડની સજા ફટકારી હતી. ચીની દૂતાવાસે તેના નાગરિકોને ચેતવણી પણ આપી છે કે આકસ્મિક રીતે ભારતમાં પ્રવેશવા પર પણ ધરપકડ થઈ શકે છે. ભારતીય કાયદા અનુસાર, વિઝા કે પાસપોર્ટ વિના સરહદ પાર કરવા પર પાંચ વર્ષની જેલ અને ₹૫ લાખનો દંડ થઈ શકે છે. નેપાળના ઈમિગ્રેશન એક્ટ ૨૦૪૯ માં વિઝા વિના પ્રવેશ માટે પાંચ વર્ષની જેલ અને ₹૫૦,૦૦૦ ના દંડની પણ જોગવાઈ છે. નેપાળના ગૃહ મંત્રાલયના સંયુક્ત પ્રવક્તા રવિન્દ્ર આચાર્યના જણાવ્યા અનુસાર, બંને દેશોએ સંયુક્ત રીતે સરહદ દેખરેખ અને ગુપ્તચર કામગીરી વધારવા, સરહદ પાર કરતા વિદેશી નાગરિકોના સંપૂર્ણ રેકોર્ડ જાળવવા અને સ્થાનિક સ્તરે માહિતી એકત્રિત કરવા માટે સુરક્ષા તંત્રને મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે.



નેપાળ-ભારત સરહદ પર ૨૫૦ થી વધુ ચોકીઓ છે, જ્યાં ૯,૦૦૦ થી વધુ સુરક્ષા કર્મચારીઓ તૈનાત છે. નેપાળના APF અધિકારીઓ કહે છે કે ઘણા લોકો અજાણતાં સરહદ પાર કરે છે, પરંતુ ઈરાદાપૂર્વક ઘૂસણખોરીના કિસ્સાઓ પણ છે. નેપાળે અગાઉ ભૂટાનના શરણાર્થીઓ સહિત અનેક વિદેશી નાગરિકોને પકડીને દેશનિકાલ કર્યા છે. ૧,૮૮૦ કિલોમીટર લાંબી ખુલ્લી સરહદનો લાભ લઈને, ડ્રગ તસ્કરો, માનવ તસ્કરો, નકલી દસ્તાવેજો ધરાવતા વિદેશી નાગરિકો અને શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ લોકો બંને દેશોની સુરક્ષાને પડકાર ફેંકી રહ્યા છે. આ કારણોસર, ભારત અને નેપાળે હવે નિર્ણય લીધો છે કે ઘૂસણખોરી રોકવા માટે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ પર તાત્કાલિક માહિતી શેર કરવામાં આવશે.

### સ્ટેટ મોનીટરીંગ સેલ ખેતરમાં ત્રાટકીઃ ૭ પકડાયા, મંગાવનાર સહિત ૫ની વોન્ટેડ

# મોલડી પાસેથી ૧.૭૭ કરોડનો દારૂ ઝડપાયો

## પકડાયેલા તમામ સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકાના ભાણેજડા ગામના






રાજકોટ , તા. ૩

ગઈકાલે બોટાદ પાસે એસએમસીએ ગાંજાનું વાવેતર ઝડપી લીધા બાદ હવે ચોટીલા પાસેથી અધધધ પોણા બે કરોડનો દારૂ પકડી લઈ વિદેશી દારૂની હેરાફેરીના જબરા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનીટરીંગ સેલે સાતને પકડ્યા છે અને પાંચને વોન્ટેડ જાહેર કર્યા છે.

વિગતો જોઈએ તો ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવતી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે સુરેન્દ્રનગર જિલ્લામાં બુધવાર, તારીખ ૦૩/૧૨/૨૦૨૫ ના રોજ દારૂબંધી કટીંગના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. ચોટીલા તાલુકાના નાની મોલડી ગામ નજીક, હોટેલ વડવાળા દર્શન પાસેના ખુલ્લા મેદાનમાં દારૂનો વિશાળ જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની બાતમીના આધારે SMCના PSI વી.એન. જાડેજા અને તેમની ટીમે સફળતાપૂર્વક દરોડો પાડ્યો હતો.

આ મેગા ઓપરેશનમાં પોલીસે કુલ રૂ. ૨,૧૩,૬૧,૭૬૦/- (બે કરોડ, તેર લાખ, એકસઠ હજાર, સાતસો સાઠ)નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.જેમાં દારૂની બોટલો ૨૮,૪૦૪ કિંમત રૂપિયા ૦૧,૭૭,૮૧,૩૬૦, વાહનોઃ ૨ નંગ કિંમત ૩૫,૦૦,૦૦૦, કપાસનો વેસ્ટ ૨૦૫ બંડલ કિંમત ૭૭,૯૦૦, અન્ય મુદ્દામાલઃ ૨,૫૦૦નો મળી કુલ મુદ્દામાલઃ રૂપિયા ૨,૧૩,૬૧,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો પંજાબ અને ચંદીગઢ સ્થિત જુદી જુદી પાંચ ડિસ્ટિલરીઓમાંથી લાવવામાં આવ્યો હતો, જેમાં મુખ્યત્વે બાટાલા, પંજાબ, ચંદીગઢ અને મોહાલીનો સમાવેશ થાય છે.

SMC દ્વારા સ્થળ પરથી ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જે તમામ સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકાના ભાણેજડા ગામના રહેવાસી છે. પકડાયેલા આરોપીઓના નામ મુકેશ વાલસિંગ માવી,બાડિયા માંગુસિંહ દેવકા,પાટલીયા બેસી મસણીયા, કુવરસિંહ થાનસિંહ મિનાવા, રાકેશ વેરસિંગ મસણીયા, નાગરસિંગ કાલૂસિંગ દેવકા અને કાલુ ભારુભાઈ મસણીયા છે. આ ગુનામાં મુખ્ય રીસીવર (દારૂ મંગાવનાર) ગણાતા મણી મોલડીના રહેવાસી સંજયભાઈ અનકભાઈ ખાચર સહીત કુલ ૫ આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. વોન્ટેડ આરોપીઓમાં વાહન RJ19GJ 3838નો ડ્રાઈવર, માલિક, ક્લીનર અને દારૂ મોકલનાર વ્યક્તિનો સમાવેશ થાય છે.એસએમસીની ટીમે આ તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ માટે કેસ ચોટીલા પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.

# જાગનાથ પ્લોટમાં યુવાને ખાધો ગળેફાંસો

## પગલાનું કારણ અકબંધ : ભાણેજના ઘરેથી મામા ગૂમ



રાજકોટ, તા.૩

જાગનાથ પ્લોટ વિસ્તારમાં રહેતા ૩૫વર્ષના સંદીપ રસિક ડોબરીયા નામના યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા લતામાં અરેરાટી સાથે તરેહતરેહની ચર્ચાઓ જાગી છે પ્રાપ્ત વિગતો મુજબ જાગનાથ પ્લોટ શેરી નંબર-૧૧, રચના એપાર્ટમેન્ટમાં રહેતા સંદીપભાઈ રસિકભાઈ ડોબરીયા નામના ૩૫ વર્ષના યુવાને પોતાના મકાનમાં અકળ કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ ને બોલાવી હતી. ૧૦૮ના ચાંદનીબેન વાળાએ સંદીપભાઈને જોઈ તપાસીને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ પરથી પ્રનગર પોલીસની ટીમે ઘટના સ્થળે તેમજ હોસ્પિટલે પહોંચી જઈને પ્રાથમિક તપાસ આદરતા દોરતા પરિવારજનોએ પણ સંદીપભાઈના આપઘાતના પગલાં અંગે જાણતા વ્યક્ત કરી હતી. પોલીસને હાલ કોઈ સુસાઇડ નોટ મળી નથી. તેમણે શા માટે ગળેફાંસો ખાધો તે અંગેની વિશેષ તપાસ પોલીસે હાથ ધરી છે.

**મામા ગુમ**

રાજકોટ રહેતા ભાણાના ઘરે આટો મારવા આવેલા પોરબંદરના રહીશ એવા મામા ભેદી સંજોગોમાં ગુમ થયાનની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીગ્રામ ગૌતમ નગર-૫, રામનિવાસ મકાનમાં રહેતા સંજયભાઈ રસિકભાઈ જોશીના ઘરે તેમના પોરબંદર રહેતા મામા રમેશભાઈ રામજીભાઈ મહેતા ઉંમર વર્ષ ૪૭ આટો મારવા આવ્યા હતા. દરમિયાન તા. ૨૯ના રોજ, બપોરના દોઢેક વાગ્યે હું ફાકી ખાઈને આવું છું તેમ કહીને ઘરેથી નીકળ્યા આજ દિન સુધી પરત નહીં આવતા આ બારાની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

**૧૮ વર્ષનો યુવાન ગુમ**

વાવડી ગામની વિશ્વકર્મા સોસાયટી પ્લોટ નંબર-૩૦ માં રહેતો મૂળ બિહારનો રાહુલકુમાર સુનિલ મંડલ ઉંમર વર્ષ ૧૮ નામનો યુવાન પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો જતા તેમને પરિવારજનો એ શોધખોળ આદરી હતી પરંતુ તેમનો ક્યાંય પતો નહીં લાગતા આ બારાની રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે

**અજાણ્યા પ્રોઢની લાશ**

શહેરના રામનાથ પરા વિસ્તારમાં આવેલા રામનાથ મહાદેવ મંદિરના પાર્કિંગમાં આજે આશરે ૫૫ વર્ષનો જણાતો એક અજાણ્યો પુરુષ સવારના ૮:૩૦ વાગ્યાની આસપાસ બેભાન હાલતમાં પડ્યો હોવાથી તેમને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ ઈમર્જન્સી રૂમમાં ડોક્ટર યાત્રી પંચાલ દ્વારા તેમને જોઈ તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. એ ડિવિઝન પોલીસ સ્ટેશનના કહેવા મુજબ હાલ આ અજાણ્યા પુરુષના વાલી વારસોની શોધખોળ આદરવામાં આવી છે લાગતા વળગતા વાલીઓએ સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં મૃતદેહ જોઈને કોઈ વાલીઓ હોય તો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

**વૃદ્ધ પર બે હુમલો**

શહેરના સાધુવાસવાણી રોડ પર શિવમ સોસાયટી શેરી-૧, એક શ્યામલ વાટિકાની બાજુની શેરીમાં રહેતા ચમનલાલ નારણભાઈ નાંઢાં નામના સોની વૃદ્ધ પર તે જ વિસ્તારના નિલેશ રેવર તેમજ યુવરાજસિંહ રાજુભાઈ રેવર એમ બંનેએ ઢીકાપાટું મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ચમનલાલભાઈએ જણાવ્યું છે કે પોતાના જૂના મકાન સામે ગાડીઓ કે બાઈક રાખવાની ના પાડવામાં આવતા આરોપીઓએ લાજવાને બદલે ગાજીને તેના પર હુમલો કર્યો હતો.

### ભલભલાને ચકરાવે ચડાવે તેવી મોડેસ ઓપરેન્ડીનો કરાતો હતો ઉપયોગ

# ડબલગમ પટ્ટીથી ચાર ગઠીયા ગજવા ભરતા હતાં!

## એટીએમમાં રૂપિયા જ્યાંથી નીકળે ત્યાં ગમ પટ્ટી ચોંટાડી દૂર ઉભા રહેતાંઃ કોઇ ગ્રાહક પૈસા ઉપડાવા પ્રોસીઝર કરે ત્યારે પૈસા ઉપડી તો જતાં પણ બહાર નીકળવાને બદલે ગમ પટ્ટીમાં ચોંટી જતાંઃ ગ્રાહક પૈસા લીધા વગર નીકળી જતો પછી ગઠીયા ગમપટ્ટી કાઢી રૂપિયા ઉઠાવી નીકળી જતાં



રાજકોટ , તા. ૩

ચોર-ગઠીયાઓની મોડસ ઓપરેન્ડી જ્યારે સામે આવે ત્યારે પોલીસ પણ ચક્કર ખાઇ જતી હોય છે. જેને ખોટુ જ કરવું છે તે કેવા કેવા ગતકડાનો ઉપયોગ કરે છે તેની સાબીતી આપતી વધુ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. પોલીસે આવા ચાર શાતીર ચોર-ગઠીયાને દબોચી લીધા છે. આ ચંડાળ ચોકડીના સાગ્રીતો ગજવા ભરવા માટે એટીએમ મશીનમાં તોડફોડ કે પછી ટેકનીકલી ફોલ્ટ ઉભા કરવા સહિતના કોઇ નુસ્ખા અજમાવતા નહોતા. પણ આ શખ્સ ડબલગમ પટ્ટી જ્યાંથી પૈસા નીકળતાં હોય તે કેશ ડીસ્પેન્શનમાં ચોંટાડી દેતો હતો અને એટીએમની બહાર થોડે દૂર ઉભો રહી જતા હતાં. પછી કોઇ પૈસા ઉપાડવા આવે તો પ્રોસીઝર થઇ જતી, એકાઉન્ટમાંથી પૈસા ઉપડી જતાં પણ બહાર આવતાં નહિ. આ રકમ ડબલગમ પટ્ટીમાં ચોંટી જતી. ગ્રાહક મશીનમાં ખામી હશે સમજી નીકળી જતો. પછી ગઠીયાઓ અંદર જઇ ગમપટ્ટી ખેંચી લેતાં, સાથે તેમાં ચોંટેલા રૂપિયા પણ ગજવા ભેગા કરી લેતા હતાં!

ગઠીયાગીરી-ચોરીની આ નવતર ઘટના પર નજર કરીએ તો સુરતના સચિન વિસ્તારમાં આવેલી યુકો બેંકના એટીએમમાં ગ્રાહકોને છેતરીને પૈસા ચોરી કરવાની એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો છે. સચિન પોલીસે આ મામલે સક્રિયતા દાખવીને ચાર જેટલા આરોપીઓને ઝડપી પાડ્યા છે અને તેમની પાસેથી ચોરી કરેલી રોકડ રકમ પણ જપ્ત કરી હતી. ચોર ગેંગની શંકાસ્પદ ગતિવિધી એટીએમના મશીનના રૂમના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. તેના આધારે પોલીસ આ ચોર ગઠીયા સુધી પહોંચી હતી અને તેની પાસે લાઇવડેમો પણ કરાવ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીઓની આ ગેંગ યુકો બેંકના એટીએમ મશીનમાં કેશ ડિસ્પેન્શન એટલે કે કાર્ડથી પ્રોસીઝર કર્યા પછી પૈસા બહાર આવવાનો જે સ્લોટ હોય છે તેના પર ડબલ ગમ પટ્ટી લગાવી દેતી હતી.

જ્યારે કોઈ ગ્રાહક એટીએમમાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કરતો ત્યારે મશીનમાંથી બહાર આવતી નોટો આ ગમ પટ્ટીમાં ફસાઈ જતી હતી. ગ્રાહકને લાગતું કે મશીનમાં કોઈ ટેશનીકલ ખામી છે અથવા તો પૈસા બહાર આવ્યા નથી. નિરાશ થઈને ગ્રાહક ખાલી હાથે એટીએમ કેબિનમાંથી નીકળી જાય ત્યાર બાદ તરત જ આ ગઠિયાઓ ત્યાં આવીને ગમ પટ્ટી સાથે ફસાયેલી નોટો કાઢીને ચોરી કરીને ફરાર થઈ જતાં હતા. આ ચોરીની ઘટનાઓ છેલ્લા બે દિવસથી સતત થઈ રહી હોવાની શંકા યુકો બેંકના મેનેજરને થઈ હતી. ખ્વપ્માં થતી ગડબડને કારણે તેઓ નિયમિત તપાસ માટે એટીએમ કેબિનમાં પહોંચ્યા હતા. નિયમિત નિરીક્ષણ દરમિયાન તેમને ડસ્ટબીનમાંથી ડબલ ગમ લગાવેલી કાળી પટ્ટી મળી આવી હતી. જેણે ચોરીની પદ્ધતિ તરફ ઇશારો કર્યો હતો.

આ પછી મેનેજરે તાત્કાલિક સચિન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે સૌપ્રથમ એટીએમ કેબિનના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાયું હતું કે, એક અજાણ્યો શખસ એટીએમ મશીનના કેશ ડિસ્પેન્શન પાસે શંકાસ્પદ હરકતો કરી રહ્યો છે. આ ઉપરાંત, બીજા જ દિવસે વહેલી સવારે પણ અન્ય એક વ્યક્તિ એ જ રીતે મશીન સાથે છેડછાડ કરતી નજરે પડતાં પોલીસે મામલાની ગંભીરતા સમજીને આરોપીઓને ઝડપી પાડવા માટે જાળ બિછાવી હતી. સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેકનીકલ સર્વેલન્સના આધારે સચિન પોલીસને આ ગેંગને પકડવામાં મોટી સફળતા મળી છે. પોલીસે ચોરીના ગુનામાં સંડોવાયેલા ચાર શખસોની ધરપકડ કરી છે. તેમની પાસેથી પોલીસે ચોરી કરેલી આશરે રોકડ રકમ પણ જપ્ત કરી છે.

ઝડપાયેલા આરોપીઓ વિક્કીકુમાર ઉર્ફે રવિકુમાર ગુપ્તા, છોટુકુમાર પાસ્વાન, ક્રિશકુમાર ઉર્ફે રજત ઠાકુર અને ક્રિષ્ણકુમાર ઉર્ફે બબુઆ શર્મા હોવાનું જણાવ્યું છે. સચિન પોલીસે ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે. આ ગેંગે અન્ય કોઈ એટીએમમાં આવી ઘટનાને અંજામ આપ્યો છે કે કેમ તે અંગેની પૂછપરછ ચાલી રહી છે. પોલીસે ગ્રાહકોને પણ એટીએમાંથી પૈસા ઉપાડતી વખતે આસપાસની ગતિવિધિઓ પર ધ્યાન રાખવા માટે અપીલ કરી હતી. રાજકોટ પંથકમાં એક ગઠીયો આ પ્રકારના ફ્રોડ માટે જાણીતો છે. જો કે તે વૃધ્ધો કે મહિલાઓને પૈસા ઉપાડવામાં મદદ કરવાના નામે કાર્ડ બદલી ફ્રોડ કરે છે. આવા ડઝનથી વધુ ગુનામાં તે સંડોવાઇ ચુક્યો છે.

# આજથી ઓઇ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશીપ

## રાજકોટ પોલીસને ૭૪મા સંસ્કરણની યજમાની કરવાની તક મળતાં ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં આયોજનઃ રાજ્યના પોલીસ વડાની હાજરીમાં ઉદ્ઘાટન





રાજકોટ , તા. ૩

ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપના ૭૪માં સંસ્કરણની યજમાની કરવાની રાજકોટ પોલીસને તક મળી હોઇ આ ચેમ્પીયનશીપનો આજથી શુભારંભ થયો છે. રાજકોટ ખાતે આયોજન થયું હોઇ આજે રાજ્યના પોલીસ વડાની હાજરીમાં આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

આજ તારીખ ૪થી ૧૪ ડિસેમ્બર દરમિયાન હોકીના મેચો રમાશે. આ કાર્યક્રમને કાલે સવારે રાજ્ય પોલોસ વડા દ્વારા ખુલ્લો મુકવામાં આવશે. જે કાર્યક્રમમાં રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેશે. આ રાષ્ટ્રીય સ્તરની હોકી ચેમ્પિયનશિપમાં ભારતભરના વિવિધ રાજ્ય પોલીસ દળો, કેન્દ્ર સરકારની અર્ધલશ્કરી દળો અને અન્ય સુરક્ષા એજન્સીઓની કુલ ૩૨ ટીમો ભાગ લેઇ રહી છે.

જેમાં ૨૪ પુરૂષ ટીમો અને ૦૮ મહિલા ટીમો સમાવેશ થાય છે. ભારતની સુરક્ષા વ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપતા દળોના ખેલાડીઓ માટે આ ટુર્નામેન્ટ તેમની પ્રતિભા રજૂ કરવાનો એક મહત્વનું મંચ છે. જેમનું આયોજનનું સહભાગ્ય રાજકોટ શહેર પોલીસને મળ્યું છે. જેમના માટે રેસકોર્સમાં આવેલ મેજર ધ્યાનચંદ હોકી સ્ટેડિયમ- આધુનિક સુવિધાઓ સાથેનું આંતરરાષ્ટ્રીય સ્તરનું મેદાન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડ રાજ્ય સ્તરની અનેક ચેમ્પિયનશિપનું યજમાન રહી ચુકેલા મેદાનમાં ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બંને મેદાનોમાં શહેર પોલીસ દ્વારા ખેલાડીઓને વર્લ્ડ-કલાસ સુવિધાઓ અને તાલીમ માટેની જરૂરી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ખેલાડીઓ માટે વિશેષ આરામગૃહો, ટ્રેનિંગ ઝોન અને મેડિકલ સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. હોકી ચેમ્પિયનશીપનું પોલીસ વડા વિકાસ સહાય સહિતના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં થવાનું હોઇ ગઇકાલે જ રીહર્સલ યોજાયું હતું.જેમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલે હાજરી આપી તમામ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

તેમજ સ્ટેડિયમ સુરક્ષા, ટ્રાફિક મેનેજમેન્ટ, મેડિકલ અને ખેલાડીઓના રહેણાંકની વ્યવસ્થા માટે લાયઝનિંગ ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે. આ હોકીની ટુર્નામેન્ટથી ચાહકોમાં રોમાંચ છવાયો છે. હોકી ચેમ્પિયન શિપમાં ઈન્ટરનેશનલ ખિલાડીઓ પણ રમવાના હોવાથી ટુર્નામેન્ટને ચાર ચાંદ લાગશે. જેમાં ઉત્તરપ્રદેશના લલિતકુમાર ઉપાધ્યાય જેમને ટોક્યો અને પેરિસ ઓલોમ્પિકમાં બ્રોન્ઝ મેડલ ભારતે અપાવેલ છે. પંજાબના આકાશદીપસિંઘ જેમને ૨૦૧૪ એશિયન ગેમ્સ, ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં ભારતની ટીમના સભ્ય રહી મેડલ આપાવેલ છે. ઉપરાંત મનપ્રીત સિંઘ, સમશેરસિંગ અને હરમનપ્રીતસિંઘ સહિતના ખેલાડીઓ રમતા જોવા મળશે. જેઓ કોમનવેલ્થ , રીયો ઓલિમ્પિક, એશિયન ગેમ્સમાં ભારતને ચંદ્રક અપાવ્યા છે. હોકી પ્રેમીઓને સતત અગીયાર દિવસ જલ્સો પડી જવાનો છે.

વર્ક ફ્રોમ હોમ કરતાં યુવાને યુકેમાં જોબ માટે રીલ્સ જોઇ નોકરી અને સ્પોન્સરશીપ લેટરની વાત કરતાં જ ફસાયો

# વીઝાના નામે ગઠીયાએ પડાવ્યા ૩૪ લાખ

## ગઠીયાએ આઇટી નિષ્ણાંતનો ઇન્ટરવ્યુ લઇ લીધો અને ઓફર લેટર પણ મોકલી દઇ કટકે કટકે નાણા પડાવ્યાઃ છેલ્લે વીઝાના નામે મળ્યો ઠેંગો

રાજકોટ, તા. ૩

રોજબરોજ એક જ સરખા ઠગાઇના કિસ્સા સામે આવતા રહે છે. લોકો રોકાણ કરીને કમાણીના નામે કે પછી ટાસ્કના નામે સતત છેતરાતા રહે છે તો બીજી તરફ વિદેશ જવાની ઘેલછા પણ સતત લોકોને છેતરપીંડીની જાળમાં ફસાવતી રહે છે. આવા લેભાગુ એજન્ટો દ્વારા વીઝાના નામે ફ્રોડના કિસ્સા એક ભુલો ત્યાં બીજા ચાર હાજર હોય એ રીતે વધુ એક આવા બનાવમાં યુવાન છેતરાયો છે. આઇટી નિષ્ણાંત યુવાનને સાયબર ગઠીયાએ વર્ક પરમીટ વીઝાની લાલચ આપી ઇન્ટરવ્યુ લઇ લાખો પડાવી લીધાનો બનાવ સામે આવ્યો છે. બીજી તરફ સાયબર ગઠીયાઓએ બંધ વીમા પોલીસી ચાલુ કરાવી દેવાની લાલચ આપી છ લાખ પડાવી લીધા હતાં.

ફ્રોડની પ્રથમ ઘટના પર નજર કરીએ તો વિદેશ જવાની લ્હાયમાં નરોડાના આઇટી ક્ષેત્રના નિષ્ણાત યુવકે રૂપિયા ચોત્રીસ લાખ ચોવીસ હજાર ગુમાવ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સાયબર ગઠિયાએ વિઝા અને વર્કપરમીટની લાલચ આપી હતી અને વિઝા પ્રોસેસના બહાને ઓફર લેટર મોકલીને વોટ્સએપ પર ઇન્ટરવ્યું લીધા બાદ લાખો રૂપિયા પડાવ્યા હતા. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ નવા નરોડામાં કૃષ્ણનગર ખાતે રહેતા અને ઓન લાઇન આઇટીમાં વર્કફ્રોમ હોમ કામ કરતા યુવકે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે કે તેમની પત્નિને તેની સહેલીએ યુ.કેના વિઝા લીધા હોવાની વાત કરી હતી.

જેને લઇને યુવકે યુ.કેમાં જોબ માટે સર્ચ કર્યા બાદ ઇન્સ્ટાગ્રામ ઉપર રિલ્સ જોઇ હતી. અજાણી વ્યકિતએ અલગ અલગ દેશ માટે વર્કપરમીટની પોસ્ટ મૂકેલી હતી. જેથી મેસેજ કરતાં સામેથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ત્યારબાદ સાયબર ગઠિયાએ યુ.કેમાં નોકરી તથા સ્પોન્સરશીપ લેટર માટે રૂપિયા ૧૪ લાખ ખર્ચની વાત કરીને પૈસા ભર્યા બાદ પંદર દિવસમાં વિઝા પ્રોસેસ કરવાની વાત કરીને પ્રોસેસના રૂપિયા ૪ લાખ એડવાન્સ ભરવાની વાત કરતાં યુવકે રૂપિયા બે લાખ ખાતામાં ભર્યા બાદ કંપનીમાં નોકરીની વાત કરીને ફોન ઉપર ઇન્ટરવ્યુ લીધું અને ઓફર લેટર મોકલીને વિશ્વાસ કેળવીને ટુકડે ટુકડે ચોત્રીસ લાખ ચોવીસ હજાર એકસો ત્રેપન પુરા પડાવી લીધા હતાં. આમ ઓનલાઇન ગઠીયાઓ હવે વીઝાના નામે પણ ફ્રોડ કરતાં થઇ ગયા છે.




બીજી ઘટનામાં બંધ વીમા પોલીસી ચાલુ કરી દેવાના નામે ગઠીયો ખાઇ ગયો છ લાખ

બીજી ઠગાઇની ઘટના જોઇએ તો અમદાવાદમાં એકાઉન્ટન્ટે બંધ કરાવેલી વીમા પોલિસીને પૈસા ભરી ફરી ચાલુ કરાવી પૂરા નાણાં અપાવાનું કહી મહિલા સહિતની સાઈબર ઠગ ટોળકીએ રૂ.૬ લાખ પડાવ્યા હતા. એક વાર રૂ.૫૧૫૭ ભરી ૨૦ હજારની પોલિસીમાં રૂ.૨૫ હજાર મળશે કહી ૨ વર્ષ સુધી પૈસા પડાવ્યા પછી પણ પોલિસીના નાણાં ના મળતા, શંકા જતા એકાઉન્ટન્ટે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. મૂળ રાજસ્થાનના દેવીચંદ મિસરીમલ મહાત્મા) કાંકરિયા હિલ પાર્ક સોસાયટીમાં રહે છે અને ન્યૂ ક્લોથ માર્કેટમાં એક પેઢીમાં પિસ્તાલીસ વર્ષથી એકાઉન્ટન્ટની જોબ કરે છે. દેવીચંદ પર અજાણ્યા નંબરથી આવેલા ફોનમાં, રિયાએ એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સની પોલિસીની બધી માહિતી મેળવી લીધા પછી, બંધ થયેલી પોલિસી ક્લેમ કરવી હોય તો રૂ.૫૧૫૭ ભરશો, તો પોલિસીની રકમ સાથે રૂ.૨૫ હજાર મળશે. તેવું કહ્યું હતું.

બાદમાં પોલિસી ચાલુ કરાવવાના ફાયદા સમજાવ્યા હતા. રિયાના વિશ્વાસમાં આવેલા દેવીચંદે ૨ વર્ષમાં ટુકડે-ટુકડે રૂ.૬.૦૮ લાખ ભર્યા હતાં. કંપની, બેંક, પોલીસ કે સરકારી વિભાગના નામે સાઈબર ગઠિયા લોકોને ફોન કરે છે. પછી લિંક-એપ્લિકેશન મોકલી કે અન્ય બહાને પ્રોસેસ કરાવી બેંક ખાતા નંબર, આધાર, પાનકાર્ડની માહિતી મેળવી લઇ પૈસા પડાવે છે. જેથી સામેથી આવતા ફોન પર વાત કરતા પહેલાં કે સામેથી આવેલી લિંક-એપ્લિકેશન ઓપન કરતાં પહેલાં ખરાઈ કરી લેવી જરૂરી છે. આ બંને ઘટના વધુ એક વખત લોકોને સાયબર ફ્રોડથી બચવા લાલબત્તી ધરી રહી છે.

---

ચોરી, લૂંટ, દેરાસરમાં લૂંટ, મંદિર ચોરીઓ સહિતના ગુનાઓમાં સંડોવણી

# મામો ઉર્ફ ભુરીએ ૩૧મો ગુનો આચર્યો ચિલઝડપનો

## રેલનગરનો વેપારી યુવાન મોર્નિંગ વોકમાં નીકળ્યો ત્યારે કિસાનપરા પાસે તેના ગળામાંથી ચેઇન-પેન્ડલ ખેંચી લીધા હતાં : પ્ર.નગર પોલીસે દબોચ્યો

રાજકોટ, તા. ૩

શહેરમાં અમુક ગુનેગારોને પોલીસનો ભય ન હોય તેમ ધોળે દિવસે કે પછી ગમે ત્યારે ગુના આચરી લેતા હોય છે. વધુ એક આવી ઘટના સામે આવી છે જેમાં શહેરના રેસકોર્ષ રીંગ રોડ પર મોર્નિંગ વોક કરવા નીકળેલા રેલનગરના વેપારી યુવાનના ગળા પર ઝોંટ મારી ચિલઝડપકાર ચેઇન ખેંચી જતાં ભાગી ગયો હતો. જો કે પ્રદ્યુમનનગર પોલીસે તાબડતોબ તપાસ કરી આ શખ્સને શોધી કાઢ્યો હતો. તેમજ તેની સાથે ચોરાઉ સોનુ રાખનારાને પણ પકડી લીધો છે. ચીલઝડપના વધુ ભેદ ખુલવાની પોલીસને આશા છે. આ શખ્સ બીજો કોઇ નહિ પણ અગાઉ ચોરી, લૂંટ સહિત ૩૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો નવલનગરનો રીઢો ગુનેગાર છે.



વિગતો પર નજર કરીએ તો રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટી-૧માં મોલ્ટાબેલા એપાર્ટમેન્ટ એ-૨૦૨ ખાતે રહેતાં અને ભક્તિનગર સ્ટેશન પ્લોટ-૭માં ચિરાગ ટ્રેડ લિંક નામની ઓફિસમાં બેસી વેપાર કરતાં ત્રીસ વર્ષના પુનીતભાઇ દિપકભાઇ ગણાત્રાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધ્યો છે અને શકમંદ રીઢા શખ્સને દબોચી લઇ પુછતાછ હાથ ધરી છે. તેણે આ ચિલઝડપ કરેલો ચેઇન વેંચી નાંખ્યો હોઇ ખરીદનારની પણ પોલીસે પુછતાછ શરૂ કરી હતી. પુનીતભાઇ ગણાત્રાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. ઓગણત્રીસમીના સવારે સાડા સાતેક વાગ્યે હું ઘરેથી મારુ પેશન બાઇક જીજે૦૧એફયુ-૦૨૧૬ લઇને રેસકોર્ષા રીંગ રોડ ખાતે વોકીંગ કરવા ગયો હતો. આ વખતે મેં બાઇક કિસાનપરા ચોકમાં પાર્ક કર્યુ હતું.

ત્યાંથી ચાલીને બહુમાળી ભવન ચોક, એનસીસી ચોક થઇને પરત કિસાનપરા ચોક તરફ ચાલીને જતો હતો ત્યારે સાડા આઠેક વાગ્યે એનસીસી ચોક અને ઇનકમટેક્સ ઓફિસ વચ્ચે પહોંચતા પાછળથી એક બાઇકવાળો આવ્યો હતો અને મારા ગળા પર ઝોંટ મારી સોનાનો ચેઇન ખેંચી લીધો હતો. આ ચિલઝડપને કારણે ચેઇન તુટી ગયો હતો. ચેઇનનો થોડો ભાગ અને તેમાં ગણેજીનું પેન્ડલ હતું તે ખેંચીને બાઇકચાલક ભાગી ગયો હતો. તેના નંબર હું જોઇ શક્યો નહોતો. બાદ હું ચાલીને કિસાનપરા ચોકમાં મારુ બાઇક જ્યાં પાર્ક કર્યુ હતું ત્યાં ગયો હતો અને પોલીસ સ્ટેશને જઇ જાણ કરી હતી. જે તે વખતે મેં ફરિયાદ નોંધાવી નહોતી.

આ ચેઇન મારા પિતાજીએ સાત આઠ વર્ષ પહેલા મને લઇ દીધો હતો. જે આશરે પંદર ગ્રામનો હતો અને તેમાં ગણેશજીનું પેન્ડલ બે ગ્રામનું હતું. જે મેં તાજેતરમાં ૨૩ હજારમાં લીધુ હતું. ચેઇન તૂટી જતાં જે ટુકડો ચિલઝડપકારના હાથમાં ગયો તે આશરે ૧૫ હજારનો હતો. હવે મેં ફરિયાદ નોંધાવવાનું નક્કી કરી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં પુનીતભાઇએ કહેતાં પ્ર.નગરના ઇન્સ. વી. આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ એસ. ડી. કોઠીરે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસમાં વધુ ગુના ઉકેલાય તેવી શક્યતા પણ છે.

પોલીસે આ ગુનામાં મવડી પ્લોટ નવલનગર-૯ના છેડે કૈલાસનગર-૨માં રહેતાં મેહુલ ઉર્ફ ભુરી ઉર્ફ મામો ધનજીભાઇ જેઠવા નામના અઠ્ઠાવીસ વર્ષના શખ્સને ઝડપી લીધો છે. આ શખ્સ અગાઉ પણ ઘરફોડ ચોરી, મંદિરોમાં ચોરી, જૈન દેરાસરમાં લૂંટ, નિર્લજ્જ હુમલો સહિતના અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. હવે વધુ એક ચિલઝડપનો ગુનો તેના નામે થયો છે.

---

# મોલમાં 'લાલો'ના પ્રમોશન વખતે મચી અફરાતફરી

## એક બાળકીને લોકોએ માંડ બચાવીઃ પુર્વ મંજુરી વગર ફિલ્મ પ્રમોશન રાખી કલાકારોને બોલાવી પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કરનારા ક્રિસ્ટલ મોલના મેનેજર સામે પોલીસે ગુનો નોંધ્યો : બીજા કોણ કોણ જવાબદાર? તેવો સતત પુછાય છે સવાલ



ચહીતા કલાકારો સાથે ફોટા-વિડીયો લેવાની લ્હાયમાં લોકો બેકાબૂ બની ગયા

રાજકોટ, તા. ૩

લાલો-કૃષ્ણ સદા સહાયતે આ નામ સાંભળતા જ લગભગ દરેક ગુજરાતીની નજર સામે એક જ શબ્દ આવે છે કે ભાઇ જોરદાર ગુજરાતી ફિલ્મ છે. ખરેખર ફિલ્મ જોરદાર છે, કારણ કે ઘણા સમય પછી કોઇ ગુજરાતી ફિલ્મે સો કરોડથી વધુનો વકરો કર્યો છે. ફિલ્મના વિષય વસ્તુ અને માઉથ પબ્લીસીટીને કારણે અને બીજા અનેક કારણોસર ફિલ્મની ભરપુર પબ્લીસીટી થઇ છે અને ભરપુર સફળતા મળી છે. સિનેમાઘરોમાં સતત શો હાઉસફુલ ચાલી રહ્યા છે. જો કે આ વચ્ચે શહેરના કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ ખાતે લાલો ફિલ્મનું પ્રમોશન રખાયું હતું. અહિ કોઇએ ધાર્યુ ન હોય વિચાર્યુ ન હોય એવુ થયું હતું. પ્રમશોનમાં મુખ્ય કલાકારો આવ્યા હોઇ તેની સાથે ફોટા-સેલ્ફી-વિડીયો લેવા એટલી મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી હતી કે અફડાતફડી થઇ પડી હતી. એક બાળકી તો માંડ બચી હતી. અંધાધુંધીના વિડીયો વાયરલ થતાં પોલીસે મોલના મેનેજર વિરૂધ્ધ પુર્વ મંજુરી વગર ખુબ જ મોટી ભીડ એકઠી કરી જાહેરનામા ભંગની કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ એન. વી. ચાવડાની ફરિયાદ પરથી મોલના મેનેજર રૈયા રોડ પર સવંત સરફેસ સી-૯૦૧ ખાતે રહેતાં સમીર રામજીભાઇ વિસાણી વિરૂધ્ધ બીએનએસની કલમ ૨૨૩ મુજબ કોઇપણ જાતની મંજુરી વગર ક્રિસ્ટલ મોલ જેવી જાહેર જગ્યા ખાતે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વચ્ચેના ભાગે સ્ટેજ બાંધી લાલો ફિલ્મના એક્ટર, ડિરેક્ટર, પ્રોડ્યુસર અને સ્ટારકાસ્ટને મુવીના પ્રમોશન માટે બોલાવી અંદરના અને મોલના બહારના ભાગમાં કાર્યક્રમ યોજી મોટી ભીડી એકઠી કરી જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યાનો ગુનો દાખલ કરાયો હતો અને મેનેજરનું નિવેદન નોંધવાની કાર્યવાહી થઇ હતી.

આ ઘટના બારામાં પીએસઆઇ ચાવડાએ આપેલી ફરિયાદ મુજબ ગઇકાલે મંગળવારે સાંજે છથી સાડા છ વાગ્યાના સમયગાળા દરમિયાન ક્રિસ્ટલ મોલના મેનેજર દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના મોલના ગ્રાઉન્ડ લોર પર સ્ટેજ બાંધી લાલા ફિલ્મના કલાકારો, ડાયરેક્ટર, પ્રોડ્યુસર તથા સ્ટાર કાસ્ટને પ્રમોશનલ એક્ટિવિટી માટે બોલાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના કારણે મોલની અંદરના તેમજ બહારના ભાગમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ હતી. આ બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસને જાણ થઈ હતી. રાત્રીના સવા નવ વાગ્યાની આસપાસ વીડિયો વાયરલ થતાં પીએસઆઇ એન.વી. ચાવડા પોતાના સ્ટાફ સાથે તાત્કાલિક ક્રિસ્ટલ મોલ ખાતે પહોંચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી.

તપાસમાં સામે આવ્યું હતું કે મોલ મેનેજર સમીર રામજીભાઈ વીસાણી દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કરાયો છે. જાહેરનામા મુજબ જાહેર જગ્યાએ વધારે માણસોને ભેગા કરવા માટે પૂર્વે મંજૂરી લેવી ફરજિયાત છે, જેનું પાલન કરવામાં આવ્યું ન હતું. આથી મેનેજર સમીર વીસાણી સામે બીએનએસની કલમ ૨૨૩ મુજબ જાહેરનામાના ભંગનો ગુનો નોંધીને સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન મુજબ નોટિસ આપવામાં આવી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના તથા ડીસીપ રાકેશ દેસાઇ અને એસીપી રાધીકા ભારાઇની રાહબરીમાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શન મુજબ ડી-સ્ટાફના પો.સબ ઇન્સ. એન. વી. ચાવડા અને ડી. સ્ટાફની ટીમ વાયરલ વિડીયોને પગલે મોલ ખાતે પહોંચ્યા હતાં અને કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનિય છે કે લાલો નામની ગુજરાતી ફિલ્મ દેશ-વિદેશમાં હાલમાં જોવાઇ રહી છે અને આ ફિલ્મે સો કરોડથી વધુની કમાણી કરી લીધી છે. વાયરલ થયેલા વિડીયોમાં એક બાળકીને કઇ રીતે મોલની સીડી પરથી પટકાતી લોકો બચાવી રહ્યા છે જે જોવા મળી રહ્યું છે. બેકાબુ ભીડના દ્રશ્યો પણ જોઇ વિડીયોમાં જોવા મળ્યા હતાં.

આ કાર્યક્રમ પહેલા જ ફિલ્મના મુખ્ય અભિનેતા-અભિનેત્રીએ સોશિયલ મિડીયાથી પોતે રાજકોટ ક્રિસ્ટલ મોલ ખાતે આવી રહ્યા છે તેવો સંદેશો એક વિડીયો થકી આપ્યો હોઇ ફિલ્મના અને આ કલાકારોના ચાહકો ખુબ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં અને તેમની સાથે ફોટા-વિડીયો-સેલ્ફી લેવાની લ્હાયમાં લોકોની ભીડ એટલી વધી ગઇ હતી કે અફડાતફડી થઇ પડી હતી. એક બાળકીનો જીવ લોકોએ માંડ બચાવ્યો હતો તેવા વિડીયો પણ સામે આવ્યા હતાં. પોલીસે મોલના મેનેજર સામે ગુનો નોંધી કાર્યવાહી છે, પણ બીજા કોણ કોણ આ બેદરકારી પાછળ જવાબદાર? તેની તપાસ થઇ રહી છે.

---

દોસ્તીમાં એક દોસ્ત બીજા માટે જીવ દેવા તૈયાર હોય પણ અહિ ઉલ્ટુ થયું

# ઘરે આવવાની ના પાડનાર મિત્રનું ઢીમ ઢાળી દીધું

## બોલાચાલી બાદ ઝઘડો એવો વકર્યો કે દોસ્તીને ભુલીને મારામારી કરી ધક્કો દઇ પછાડી દીધો ને મોત થઇ ગયુંઃ બીજી રહસ્યમયી ઘટનામાં ઝાડ પર લટકતું માનવકંકાલ મળ્યુંઃ ભેદ ઉકેલવા પોલીસ કામે લાગી

રાજકોટ, તા. ૩

રાજ્યમાં કોઇને કોઇ ગામ કે શહેરમાં રોજે રોજ કોઇની ને કોઇની હત્યા થતી રહે છે. નહિ જેવી વાતે લોકો એક બીજાની લોથ ઢાળી રહ્યા છે અને જે તે પરિવારના માળા વેરણછેરણ કરી રહ્યા છે. ક્રોધ પરનો કાબુ ગુમાવનારા બાદમાં ઘણીવાર પોતાના કૃત્યને લઇને પસ્તાવો કરતાં હોય છે. પરંતુ ત્યારે મોડુ થઇ ગયું હોય છે. હત્યાની વધુ એક ઘટના સામે આવી છે જેમાં મિત્રએ મિત્રને પતાવી દીધો છે. ઘરે આવવાની ના પાડવા જેવી વાત હત્યા સુધી પહોંચી ગઇ હતી અને દોસ્તી લોહીયાળ બની ગઇ હતી. બીજી એક ચોંકાવનારી રહસ્યમય ઘટનામાં ઝાડપ પર કંકાલ થઇ ગયેલી માનવલાશ મળી આવતાં પોલીસે ભેદ ઉકેલવા મથામણ શરૂ કરી હતી.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ અંકલેશ્વરના પાનોલીમાં બન્યો છે. અહિ નજીવી તકરારને કારણે એક યુવાનની હત્યા કરવામાં આવી છે. ગુરુવારી માર્કેટ પાસે રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર આ ઘટના બની હતી.મૃતકની ઓળખ અંકલેશ્વર તાલુકાના આલુંજ ગામના દેવળ ફળિયામાં રહેતા બાવીસ વર્ષીય પિયુષ રમેશ વસાવા તરીકે થઈ હતી. રાત્રે પિયુષ તેના ફળિયાના સુધીર વસાવા અને મોહન વસાવા સાથે બાઈક લઈને પાનોલી ગામના માર્કેટમાં ગયો હતો. આ દરમિયાન રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર પિયુષને ગામનો હિતેશ ઉર્ફે લાલુ હિરાચંદ વસાવા મળ્યો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ પિયુષે હિતેશને તેના ઘરે ન આવવાનું કહેતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડા દરમિયાન હિતેશ ઉર્ફે લાલુ વસાવાએ પિયુષને ધક્કો માર્યો હતો, જેના કારણે તે રોડ પર પડી ગયો અને તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા પિયુષને



તાત્કાલિક સારવાર માટે ખરોડની વેલ્ફેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે ત્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીને પકડી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી રહસ્યમય ઘટના પર નજર કરીએ તો વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના જાંબુવા ગામ પાસે આવેલી અવાવરુ જગ્યાએથી ઝાડ સાથે લટકેલી હાલતમાં એક યુવકની લાશ મળી આવી હતી. કંકાલ જેવી થઈ ગયેલા આ લાશ લગભગ એક મહિના જૂની હોવાનું પ્રાથમિક અનુમાન છે. મૃતકની ઉંમર આશરે પાંત્રીસ વર્ષની હોવાનો અંદાજ હતો. જાંબુવા ગામ પાસેથી પસાર થઈ રહેલા એક વ્યક્તિએ લાશ જોતા જ ચોંકી ગયો હતો અને પોલીસને કોલ કર્યો હતો. તુરંત જ માહિતી મળતાં મકરપુરા પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે લાશને નીચે ઉતારીને પંચનામું તૈયાર કર્યું અને વધુ કાર્યવાહી માટે મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

પોલીસના કહેવા મુજબ પ્રાથમિક તપાસમાં યુવકે આપઘાત કર્યો હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. જોકે મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસે ઓળખ કરવાની દિશામાં તપાસ શરૂ કરી છે અને આસપાસના વિસ્તારોમાં ગુમ લોકોની ફરિયાદોની ચકાસણી પણ શરૂ કરી છે. અવાવરુ જગ્યા હોવાથી કોઈએ મૃતદેહને જોયો નહતો. આ અંગે મકરપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ. ગોહિલે જણાવ્યું હતું કે અમને માહિતી મળતાંની સાથે જ અમે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. લાશને નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. મૃતકની ઓળખ અને મોતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ યથાવત રાખવામાં આવી હતી.

### ઢાઈ અક્ષર પ્રેમ કે...ફળે તો આબાદ થઇ જાય જિંદગી, નહિતર નકરી બરબાદી

# પ્રેમપ્રકરણમાં યુવાનની હત્યા, બીજો ઝાડવે લટકી ગયો

## પગપાળા જઇ રહેલા યુવાનને પીઠમાં છરીના ઘા ભોંકી મોતને ઘાટ ઉતારાયોઃ પ્રેમલગ્ન બાદ પત્નિ રીસામણે જતાં યુવાને આપી દીધો ઝાડવે લટકીને જીવ

રાજકોટ, તા. ૩

અઢી અક્ષરના લવ-પ્રેમની પાછળ ફના થઇ જનારા અનેક હોય છે. પ્રેમમાં પડનારા કાં તો આબાદ થઇ જતાં હોય છે અને ઘણા એવા કમનસીબ હોય છે જેને તેની પ્રેમકહાની બરબાદી તરફ અથવા તો મોત તરફ લઇ જતી હોય છે. પ્રેમપ્રકરણમાં વધુ એક હત્યા થઇ ગઇ છે. જેમાં યુવાને સરાજાહેર છીરના ઘા મારી પતાવી દેવામાં આવ્યો છે.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં બની છે. મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર એક યુવકને પીઠ પર છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે. પ્રેમ સંબંધમાં યુવકની હત્યા થઈ હોવાની શંકાના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ભાર્ગવ રોડ પર ચાલતા ચાલતા મિત્ર સાથે જઈ રહેલા ચંદ્રશેખર તોમરની રાતે હત્યા કરવામાં આવી છે. ચંદ્રશેખર તોમર સંયુક્ત પરિવારમાં રહેતો હતો અને નોકરી કરીને ગુજરાન ચલાવતો હતો. ચંદ્રશેખર તોમર ચાલીને જતો હતો ત્યારે કોઈ અજાણ્યો શખ્સ આવ્યો હતો અને પીઠ પર છરીના આડેધડ છરીના ઘા ઝીંકીને ફરાર થઈ ગયો હતો. ચંદ્રશેખર લોહીથી લથબથ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો જ્યા તેને સારવાર માટે સિવિલ




હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

પરંતુ હોસ્પિટલમાં મોત થઇ ગયું હતું. હત્યાની ઘટના જાહેર થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો. આ બનાવ મામલે ચંદ્રશેખરના પરિવારજનોને જાણ થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ટુંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ ચંદ્રશેખરને મૃત જાહેર કર્યો હતો. દમેઘાણીનગર પોલીસ સ્થળ પર પહોંચી હતી. ચંદ્રશેખરની હત્યા કોણે કરી તે રહસ્ય હજુ સુધી અકબંધ છે પરંતુ પ્રેમ પ્રકરણ કારણભુત હોવાની પ્રાથમિક વિગતો સામે આવતાં તે તરફ તપાસ શરૂ થઇ હતી.

અન્ય એક પ્રેમકહાની-પ્રેમલગ્નનો પણ પતિના આપઘાત સાથે કરૂણ અંત આવ્યો છે. પ્રેમ લગ્ન કર્યા બાદ છેલ્લા ચારેક માસથી પત્નિ રીસામણે ચાલી ગઈહોઇ આ બાબતે પતિને મનમાં લાગી આવતા આપઘાત કરી લીધો છે. ઘટના ધ્રોલના નથુવડલા ગામની છે. અહિ સીમમાં રહેતા સસરાના વાવતા હોય તે વાડીએ જઈને ચીકુના ઝાડમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મુળ દાહોદ જિલ્લાના ધનપુર તાલુકાના પાવ ગામના વતની અને હાલ મોરબીના ટંકારાના ઓટાળા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા છવ્વીસ વર્ષના ગુલાબભાઈ વરસંગભાઈ પરમાર નામના યુવાને નથુવડલા ગામની સીમમાં સસરા વાવતા વાડીમાં ચીકુના ઝાડમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતાં જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં યુવાનના પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. પોલીસ પણ હોસ્પિટલ ખાતે પહોંચીને મૃતક યુવાનના પિતા વરસંગભાઈ માનસિંગભાઈ પરમારનું નિવેદન નોંધ્યું હતું. જેમાં જણાવાયું હતું કે મૃતક યુવાન ગુલાબભાઈએ નથુવડલા ગામની સીમમાં રહેતા ઉદેસિંગ બામણીયાની દીકરી કાજલબેન સાથે ભાગીને લગ્ન કરી લીધા હતા. છેલ્લા ચારેક માસથી પત્નિ પિતાના ઘરે રીસામણે બેઠી હતી. જેથી યુવાનને મનમાં લાગી આવતા સસરા વાવતા હોય તે વાડીએ જઈને આત્મહત્યા કરી લીધાનું જણાવ્યું હતું. આમ પ્રેમપ્રકરણમાં એકની હત્યા થઇ હતી તો બીજાએ આત્મહત્યા કરી લીધી હતી.

# હિટ એન્ડ રનમાં બોલેરોની હડફેટે ખેતમજૂરનું મોત

## અન્ય બે અપમૃત્યુના બનાવમાં દિલની દગાખોરીથી સીઝન હોટલ ખાતે વડોદરાના યુવાનનું અને મેટોડામાં સિક્યુરીટી ગાર્ડનું થયું મૃત્યુ

રાજકોટ, તા. ૩

વાહન અકસ્માતની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં મોટા ભાગના કિસ્સાઓમાં લોકોને નાની મોટી ઈજાઓ પહોંચે છે અને ક્યારેક હાથ-પગ ભાંગે છે. તો અનેક ઘટનામાં વાહન ચાલકનું કે પછી વાહનની ઠોકરે ચડતાં રાહદારીનું મોત પણ થાય છે. હિટ એન્ડ રનની ઘટનાઓ પણ અવાર-નવાર બને છે. વધુ એક આવા બનાવમાં એક પરિવારના મોભીનું મોત થયું છે. પોતાના પગની સારવાર કરાવી મોટરસાઇકલ હંકારી ઘરે જઇ રહેલા ખેત મજૂર પ્રૌઢને ટુવ્હીલર સહિત ઠોકર મારી બોલેરોનો ચાલક ભાગી જતાં આ પ્રૌઢને ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. અપમૃત્યુની અન્ય ઘટનાઓમાં વડોદરાથી શેઠ સાથે લગ્નપ્રસંગમાં રાજકોટ આવેલા ડ્રાઇવર યુવાનનું અને ત્રીજા બનાવમાં મેટોડામાં સિક્યુરીટી ગાર્ડનું હૃદય ધબકારા ચુકી જતાં આ બંનેના મૃત્યુ થયા હતાં.

વિગતોપ ર નજર કરીએ તો હિટ એન્ડ રનની ઘટના જુનાગઢ જીલ્લાના માંગરોળના ચોરવાડ નજીક બની છે. જેમાં તાલાલા ગીર તાબેના બાકુલા ધણેજ ગામના પ્રૌઢનું ગંભીર ઈજા થતાં મોત થયું છે. પગમાં ઈજા પહોંચી હોઇ સારવાર કરાવી બાઈક હંકારી કુકસવાડાથી પોતાના ગામ તરફ જતાં હતાં ત્યારે અજાણ્યો બોલેરો જેવા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો.બાકુલા ધણેજ ગામે રહેતાં પચાસ વર્ષના ભરતગીરી જસમતગીરી અપારનાથીમોટર સાઇકલ હંકારી નજીકના કુકસવાડા ગામે ગયા હતાં. ત્યાંથી પરત પોતાના ઘરે જતા હતાં ત્યારે ચોરવાડ પાસે તેના બાઇકને બોલેરો જેવા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઈજા પહોંચી હતી.



વધુમ માહિતી અનુસાર ભરતગીરીને પ્રથમ ચોરવાડ, વેરાવળ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાં દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર ભરતગીરી ખેત મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે એક બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર છે.

ભરતગીરીના પગમાં ઇજા પહોંચી હોઇ જેથી કુકસવાડા ગામે ડોક્ટર પાસે ડ્રેસીંગ કરાવવા ગયા હતાં. ત્યાંથી પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ, રવિભાઇ, પ્રતાપભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકને શોધવા ચોરવાડ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

અપમૃત્યુની અન્ય ઘટના જોઇએ તો દિલની દગાખોરી જીવ લઇ ગઇ હતી. કાલાવડ રોડ અવધના ઢાળ નજીક આવેલી સીઝન્સ હોટેલ ખાતે પોતાના શેઠને લઇને લગ્ન પ્રસંગમાં વડોદરાથી રાજકોટ આવેલા ડ્રાઇવર યુવાનનું હોટેલની લોબીમાં બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. તેને હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. વડોદરા એકતા સોસાયટીમાં રહેતાં બેતાલીસ વર્ષના અમિતભાઇ મનોહરભાઇ પવાર નામના યુવાન વડોદરામાં ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હોઇ ત્રણેક દિવસ પહેલા તે ડ્રાઇવર તરીકે તેના શેઠ સાથે રાજકોટ લગ્નપ્રસંગમાં આવ્યા હતાં.

બાદમાં સાંજે આઠેક વાગ્યે અમિતભાઇ સીઝન્સ હોટલ ખાતે લોબીમાં ઉભા હતાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનુ ખુલ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ, રવિભાઇ, પ્રતાપભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં મેટોડા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હતાં. તે એક બહેનથી મોટા અને પરિવારનો આધારસ્તંભ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

ત્રીજા બનાવમાં મેટોડા ગેઇટ નં. ૨ પાસે આવેલી સલામતી સિક્યુરીટી કંપનીની ઓફિસ ખાતે સિક્યુરીટી ગાર્ડનું બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું મુળ ઉત્તરપ્રદેશના ચોપન વર્ષના રાજેન્દ્ર ખેરાચી પ્રસાદ સિક્યુરીટી કંપનીમાં નોકરી કરતાં હતાં. તેઓ અહિ હાજર હતાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરી હતી. રાજેન્દ્ર પ્રસાદને હાર્ટએટેક આવી ગયાનું તેને હોસ્પિટલે લાવનારે કહ્યું હતું. મેટોડા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

### રાજકોટમાં બે ગેંગની કમ્મર તોડી નાખનાર પોલીસ હવે હથીયાર સપ્લાયરોને શોધે છે

# પેંડાગેંગને પિસ્તોલ આપનાર MPનો સપ્લાયર ઝડપાયો

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં રાજુ ઉર્ફ રાજેશસિંગ વિરૂદ્ધ નોંધાયા છે એક ડઝન ગુનાઃ શહેર એસઓજીની ટીમ છેક મધ્યપ્રદેશથી પકડી લાવી

રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્રમાં કે રાજકોટમાં જ્યારે પણ ગેરકાયદેસર હથીયાર પકડાય ત્યારે મોટે ભાગે પગેરૂ યુપી કે એમપી તરફ નીકળતું હોય છે. દરમિયાન શહેરની ગેંગવોરની તપાસ દરમિયાન પોલીસે પેંડા ગેંગ અને મુરગા ગેંગની કમ્મર તોડી નાંખી છે. ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી છે. આ દરમિયાન પેંડા ગેંગને ગેરકાયદે હથીયાર આપનાર મધ્યપ્રદેશની ગેંગના મુખ્ય સપ્લાયરને ઝડપી લેવામાં શહેર એસઓજીને સફળતા મળી છે. આ શખ્સ વિરૂધ્ધ સૌરાષ્ટ્રમાં ગેરકાયદે હથીયાર સપ્લાય કરવાના બે ચાર નહિ પણ એક ડઝન ગુના નોંધાયેલા છે! કામ ધંધો તો આ શખ્સ ખેતીનો કરે છે પરંતુ ખેત મજૂરીની આડમાં ગેરકાયદે હથીયારો સપ્લાય કરવાનું મોટુ નેટવર્ક ચલાવતો હોવાનું ખુલ્યું છે.

વિગતો પર નજર કરીએ તો ખંડણી, મારામારી અને ફાયરિંગના બનાવોથી ચર્ચામાં રહેલી કુખ્યાત 'પેંડાગેંગ'ને હથિયાર સપ્લાય કરનાર મુખ્ય આરોપીને શહેર એસઓજીની ટીમે મધ્યપ્રદેશથી ઝડપી લીધો છે. આ શખ્સ આમ તો ખેતી મજુરીનું કામ કરે છે. પરંતુ સૌરાષ્ટ્રભરમાં તેના વિરૂધ્ધ ગેરકાયદે હથીયાર સપ્લાય કરવાના ૧૨ ગુના નોંધાઇ ચુક્યા



છે. પેંડાગેંગને પણ તેણે હથીયાર આપ્યું હોઇ તેને એમપીથી રાજકોટ ઉઠાવી લાવી ધરપકડ કરી વિશેષ તપાસ શરૂ કરવામાં આવી છે. એસઓજીની ટીમે મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના ઈસુરી ગામનો રહેવાસી રાજેશસિંગ ઉર્ફે રાજુ ગંગાસિંગ રાજાવત નામના બત્રીસ વર્ષના ખેત મજૂરને પકડ્યો છે. આ શખ્સ રાજકોટની પેંડાગેંગના સાગરીતોને હથિયાર પહોંચાડવાનું નેટવર્ક ચલાવતો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ રાજેશસિંગ ઉર્ફે રાજુ વ્યવસાયે ખેત મજૂર હોવા છતાં તેનું નેટવર્ક મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશની બોર્ડર નજીક આવેલા તેના વતનથી ગુજરાત સુધી ફેલાયેલું હતું.

આ ઉપરાંત રાજુ વિરૂધ્ધ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન ગુજરાતમાં જ આર્મ્સ એક્ટ હેઠળ કુલ ૧૨ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓ રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાઓમાં નોંધાયા છે. જે દર્શાવે છે કે તે લાંબા સમયથી સૌરાષ્ટ્રમાં ગેરકાયદે હથિયારોનો સપ્લાય કરતો હતો. પોલીસના જણાવ્યા મુજબ રાજેશસિંગે તાજેતરમાં ચર્ચામાં આવેલા પેંડાગેંગના બે મુખ્ય સાગરીતો, મેટિયો ઝાલા અને મોન્ટુ રોજાસરાને ગેરકાયદે હથિયાર સપ્લાય કર્યા હતા. વધુમાં એવી પણ માહિતી છે કે પેંડા ગેંગના સાગરીતો ઓગસ્ટ માસમાં હથિયાર લઈને આવ્યા હતા. રાજુની ધરપકડથી આ ગેંગને હથિયાર મળવાના મૂળ સુધી પહોંચવામાં પોલીસને મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં પેંડાગેંગ અને મુરગાગેંગ વચ્ચેની ગેંગવોરની ઘટનાઓ તાજેતરમાં ખુબ ચર્ચામાં રહી છે. મંગળા રોડ પર હોસ્પિટલ બહાર થયેલા અંધાધૂંધ ફાયરિંગ બાદ પોલીસે આ બંને ગેંગ સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી. ગુજસીટોક હેઠળ પણ આ બંને ગેગ સામે ગુના દાખલ કરાયા છે. પેંડા ગેંગના સભ્યો સામે છેલ્લા ૧૦ વર્ષમાં ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ધાકધમકી, ફાયરિંગ અને ગેરકાયદેસર હથિયાર વેચાણ સહિતના ૭૧થી વધુ ગંભીર ગુના નોંધાયેલા છે.

આ બંને ગેંગ મુખ્યત્વે રાજકોટ અને સૌરાષ્ટ્રના આસપાસના વિસ્તારોમાં આતંક મચાવવા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે જાણીતી છે. પોલીસે હવે ગેંગના સભ્યો સામે ગુજસીટોક હેઠળ આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ સાથે કડક પગલાં લીધા છે, જેનાથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. રાજેશસિંગ ઉર્ફ રાજુએ પેંડાગેંગને હથીયાર આપ્યાનું ખુલતાં તેને ઉઠાવી લેવાયો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજીના પોલીસ ઇન્સ. સંજયસિંહ એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઇ વી. કે. ઝાલા, હરદેવસિંહ, યોગેન્દ્રસિંહ, અનોપસિંહની ટીમે મધ્યપ્રદેશથી રાજુ ઉર્ફ રાજેશસિંગને ઝડપી લીધો છે. રીમાન્ડ દરમિયાન વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

# દારૂ ભરેલી કાર સાથે વેપારી ભૌમિક ઝડપાયો

## જુનાગઢના શખ્સનું સપ્લાયરમાં નામ ખુલ્યુંઃ એલસીબી ઝોન-૨નો દરોડો






રાજકોટ, તા. ૩

શહેર એલસીબી ઝોન-૨ ટીમે વધુ એક વખત દારૂનો દરોડો પાડી જથ્થા સાથે શખ્સને પકડ્યો છે. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળતાં ઘનશ્યામનગર રોડ પર જીજે૦૩જેસી-૮૯૯૦ નંબરની એસેન્ટ કાર આંતરી લેવાઇ હતી. કારમાં તપાસ કરતાં અંદરથી દારૂની રોયલ સ્ટેગની રૂા. ૭૮૦૦૦ની ૬૦ બોટલો મળી આવતાં તે તથા ૨૫ હજારનો મોબાઇલ અને ૩ લાખની કાર કબ્જે કરી કાર ચાલક સાડત્રીસ વર્ષના ભૌમિક યોગેશભાઇ પારેખ (શીલ્પન બંગલોઝ નં. ૮, ક્રિસ્ટલ મોલ પાછળ)ની ધરપકડ કરી હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ ઝડપાયેલો શખ્સ છુટક વેપાર કરે છે. તેણે પોલીસની પ્રાથમિક પુછતાછમાં કબુલ્યું હતું કે તે આ દારૂ જુનાગઢના કલ્પેશ ઉર્ફ લાલો નામના શખ્સ પાસેથી વેંચવા માટે લાવ્યો હતો. આ શખ્સની શોધખોળ થઇ રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદીપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી. રીમાન્ડ મેળવી વધુ તપાસ કરવામાં આવશે.

### પ્રેમ નવો હોય કે જુનો જો તે આડો-અવળો હોય તો ચોક્કસ પરિણામ માઠુ આવે

# જુની પ્રેમકહાનીમાં ચાર જણાએ પ્રૌઢના પગ ભાંગ્યા!

## દોઢસો રીંગ રોડ પર રહેતાં મૈયાભાઇને પારકી પરણેતર સાથે પ્રેમ હોઇ મૈત્રીકરાર કરતાં આ પરિણીતાના પતિ સાથે ડખ્ખો થયેલો બાદમાં સમાધાન થઇ ગયેલુંઃ પણ ખાર રાખી ચાર શખ્સએ મળી પાઇપ-ધોકાના એવા ઘા ફટકાર્યા કે મૈયાભાઇ પથારીવશ થઇ ગયા

રાજકોટ, તા. ૩

પ્રેમ પ્રકરણ નવા હોય કે જુના આડા અવળા હોય તો ડખ્ખા ચોક્કસપણે થતાં હોય છે. ડખ્ખા ન થાય તો પછી આત્મહત્યા કે પછી બીજી માથાકુટો આવા અવળા સંબંધોને લીધે ડખ્ખો થતો હોય છે. દરમિયાન એક પચાસ વર્ષના પ્રૌઢ કે જે રાજકોટમાં દોઢસો ફુટ રીંગ રોડ પર રહે છે તેને તેની બે વર્ષ જુની પ્રેમકહાની નડી ગઇ છે, આ પ્રૌઢ વયના ભાઇને પારકાની પત્નિ સાથે પ્રેમ હતો અને મૈત્રી કરાર પણ કર્યા હતાં. જો કે એક વર્ષ પહેલા સમાજ લેવલે આ મામલે સમાધાન થઇ ગયું હતું. પરંતુ હવે આ પ્રૌઢ બૂલેટ લઇ કોઠારીયા રોડ વિસ્તારમાંથી નીકળ્યા ત્યારે જુની પ્રેમિકાના પતિ સહિતના ચાર જણાએ તું શું આ બાજુ રખડે છે? કહીને ધોકા-પાઇપના એવા ઘા ફટકારી પગ ભાંગી નાંખ્યા હતાં, ગાળો પણ બેફામ દીધી હતી અને ગડદા પાટા પણ માર્યા હતાં. આવા હુમલાને કારણે આ પ્રૌઢને પથારીવશ થવાની નોબત આવી છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટમાં દોઢસો ફુટ રીંગ રોડ પર સુખસાગર વિસ્તારમાં રહેતાં પ્રૌઢ બૂલેટ હંકારીને જતાં હતાં ત્યારે કોઠારીયા વિસ્તારમાં તેમને બે વર્ષ જૂની અંગત અદાવતને લઈને ચાર શખ્સોએ એક લોખંડના પાઇપ અને લાકડાના ધોકા વડે બેફામ માર મારતાં તેમના બંને પગમાં ફ્રેકચર થઇ ગયું છે. વધુ માહિતી અનુસાર શહેરના સુખસાગર શેરી નંબર ૧૧, માધવ ગેટ વિસ્તારમાં



રહેતા પચાસ વર્ષીય મૈયાભાઈ પોપટભાઈ બોળીયા-ભરવાડ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ સાંજના પોણા છએક વાગ્યાની આસપાસ માલધારી ફાટકથી સાંઈબાબા સર્કલ તરફ જતા રોડ પર, મોમાઈ હોટલ પાસે આવેલા ઉન્નતિ એરિયા ખાતે બની હતી.

મૈયાભાઈ જ્યારે પોતાના બુલેટ પર કામથી પરત ફરી રહ્યા હતા, ત્યારે સામેથી રેવાભાઈ ઓળકીયા, રાજુભાઈ ઓળકીયા અને તેમની સાથેના અન્ય બે અજાણ્યા શખ્સોએ તેમનું વાહન રોકાવ્યું હતું અને તું અહિ શું રખડે છે? કહી ગાળો દઇ ઝઘડો ચાલુ કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, બે વર્ષ અગાઉ મૈયાભાઈને આરોપી રેવાભાઈ ઓળકીયાના પત્નિ ભીખુબેન સાથ પ્રેમસંબંધ હતો અને તેઓ દસેક દિવસ મૈત્રી કરારથી સાથે રહ્યા હતા. આ બાબતે અગાઉ પણ ઝઘડો થયો હતો, જોકે સમાજની સમજાવટથી એક વર્ષ પહેલા સમાધાન પણ થયું હતું. આ જૂની અદાવતનો ખાર રાખીને આરોપી રેવાભાઈએ લોખંડનો પાઇપ અને રાજુભાઈએ લાકડાનો ધોકો લઈને મૈયાભાઈ પર હુમલો કર્યો. રેવાભાઈએ પાઇપ વડે મૈયાભાઈને ડાબા પગના સાથળ અને ઘૂંટણથી નીચેના ભાગે માર માર્યો.

રાજુભાઈએ ધોકા વડે જમણા પગના પંજાના ભાગે તથા પગની પેનીથી ઉપરના ભાગે ઇજા પહોંચાડી. તેમની સાથેના બે અજાણ્યા શખ્સોએ પણ ઢીંકા-પાટુનો માર માર્યો હતો. હુમલાના કારણે મૈયાભાઈ નીચે પડી ગયા હતા. તેમણે રાડા રાડ કરતાં હુમલાખોરો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા.

હુમલા બાદ મૈયાભાઈએ તેમના મોટા દીકરા રોહિતને ફોન કરતા, રોહિત મિત્ર સાથે આવી પહોંચ્યો હતો અને ઈજાગ્રસ્ત પિતાને તાત્કાલિક દોશી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે મધુરમ હોસ્પિટલ ખાતે લઈ આવ્યો હતો. ડોક્ટરના જણાવ્યા મુજબ, મૈયાભાઈને ડાબા પગના સાથળ, ઘૂંટણથી નીચેના ભાગે, તેમજ જમણા પગના પંજા અને પેનીથી ઉપરના ભાગે ફ્રેક્ચરની ગંભીર ઇજાઓ પહોંચી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શનમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી.એચ. પઢેરીયાએ મૈયાભાઈ બોળીયાની ફરિયાદ પરથી ગુનો દાખલ કરી ભાગી ગયેલા ચારેય હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે. આમ બે વર્ષ જુની પારકાની પરણેતર સાથેની પ્રેમકહાની આ પ્રૌઢને પથારીવશ કરી ગઇ હતી. આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે.

**પર્યાવરણની જાળવણી, પક્ષીઓને આશરો અને લોકોને પ્રકૃતિના અહેસાસ માટે પ્રોજેક્ટની જાહેરાત કરી'તી**

# RMCનો ગ્રિન આયર્લેન્ડ પ્રોજેક્ટ સુકાઈ ગયો

## એક વર્ષ પહેલા શહેરના બગીચાના હેતુ માટેના પ્લોટમાં ગ્રીન આઈલેન્ડ બનાવવાની જાહેરાત કરાયા પછી હજી સુધી ક્યાંય નામો નિશાન નથી

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લગભગ એક વર્ષ અગાઉ શહેરના બગીચાના હેતુ માટેના ૨૫ જેટલા પ્લોટમાં માત્ર પ્રકૃતિ સાથે પક્ષીઓને જ પ્રવેશ મળે તેવા ઉમદા આશયથી ગ્રિન આર્યલેન્ડ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. પણ આ ગ્રિન આર્યલેન્ડનો પ્રોજેક્ટ સુકાઈ ગયો હોય તેમ શહેરના ૧૮ વોર્ડમાંથી એક પણ સ્થળે બગિચાના હેતુ માટેના પ્લોટમાં ગ્રિન આર્યલેન્ડ બન્યા નથી કે, જે બગિચા હયાત છે તેને ડેવલપ કરી ગ્રિન આર્યલેન્ડ બનાવવાનું કોઈને સુઝ્યું નથી. મહાનગરપાલિકાના તત્કાલીન કમિશનર આનંદ પટેલે પ્રકૃતિની જાળવણી માટે ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળના બગિચાના હેતુ માટેના પ્લોટમાં ગ્રિન આર્યલેન્ડ બનાવવાની જાહેરાત કરી હતી. આ માટે અલગ અલગ વિસ્તારોમાં ૨૫ જેટલા લોકેશન પણ નક્કી કરી લેવામાં આવ્યા હતા.

આ ગ્રિન આર્યલેન્ડ બનાવવા પાછળનો હેતુ પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી સાથે કાયમ પ્રકૃતિની ગોદમાં રહેતા પક્ષીઓને આશરો મળી રહે અને સિમેન્ટ કોન્ક્રિટના જંગલમાં રહેતા માનવ સમુદાયને પણ પ્રકૃતિનો અહેસાસ નજીકથી થાય તેવો હતો . પક્ષીઓને કોઈ ખલેલ ન પહોંચે તે માટે આવાં ગ્રિન આર્યલેન્ડ જે એક પ્રકારના બગિચા જેવો જ હોવાં છતાં માણસોને તેમાં પ્રવેશ નહીં મળે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. પરંતુ કમનસીબે ગ્રિન આર્યલેન્ડનો આ પ્રોજેક્ટની જાહેરાત થયાનાં થોડા જ સમયમાં ટીઆરપી અગ્નિ કાંડમાં આનંદ પટેલની બદલી થઇ જતાં આ પ્રોજેક્ટ પણ સુકાઈ ગયો હતો. પરિણામે આજે માણસોનાં શોર બકોર અને વાહનોના ઘોંઘાટમાં રાજકોટના એક પણ બગિચામાં પક્ષીઓનો કલરવ સાંભળવા મળતો નથી.!

આ ગ્રિન આર્યલેન્ડ બન્યા બાદ જે તે વિસ્તારના તાપમાનમાં ૧ થી બે ડિગ્રી ઘટાડો થશે તેવી જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. જોકે આ ગ્રિન આર્યલેન્ડના મુળિયા મજબૂત બને એ પહેલા જ સુકાઈ ગયા છે. વિજયભાઈ રૂપાણી જ્યારે મુખ્યમંત્રી હતા એ સમયે આજીડેમ નજીક અર્બન ફોરેસ્ટ રામવન બનાવવાની જાહેરાત કરી હતી. રામવન બની ગયું છે. પણ જે તે સમયે રામવન નજીક ૪૦ એકર જગ્યામાં પક્ષી અભયારણ્ય બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. રામવન જતા પહેલાં ડાબી બાજુ આવેલી જમીન પર આ પક્ષી અભયારણ્ય બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સ્થળે પક્ષી અભયારણ્ય સાથે પાણીના ઝરણાં, નાનાં પોન્ડસ, ફળ ફૂલનાં વૃક્ષો, અલગ અલગ વિભાગો સાથે વુડન ટ્રેક સાથે અદભુત પક્ષી અભયારણ્ય બનાવવાની આ યોજના માટે રાજ્ય સરકારમાં સ્વર્ણિમ યોજના હેઠળ ૧૫ કરોડની ગ્રાન્ટ આપવા દરખાસ્ત પણ કરવામાં આવી હતી. આ સ્થળે પક્ષી અભયારણ્ય સાથે સિઝનલ ફોરેસ્ટ એટલે કે મૌસમી વૃક્ષો, આયુર્વેદિક ફોરેસ્ટ એરિયા, રેર ટ્રી એટલે કે દુર્લભ જાતિના વૃક્ષો, ઝોડિયાક ફોરેસ્ટ એટલે કે રાશિ ચક્ર મુજબના વૃક્ષો, સિઝનલ ફ્લાવર, વોટર બોન્ડ વગેરે બનાવવા આયોજન હતું.



### ઓક્સિજન પાર્ક અને સિનિયર સિટીઝન પાર્ક ભુલાઈ ગયાં

મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે બજેટમાં અનેક એવી યોજનાઓની જાહેરાત કરવામાં આવે છે કે જે યોજનાના ક્યારેય શ્રી ગણેશ પણ થતાં નથી. ગ્રિન આર્યલેન્ડ, પક્ષી અભયારણ્યની જેમ અગાઉ ઓક્સિજન પાર્ક બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ માટે ન્યારી ડેમ કે પ્રદ્યુમન પાર્ક જેવા વૃક્ષો આચ્છાદિત સ્થળ પસંદ કરવાનું હતું. આવી જ રીતે સિનિયર સિટીઝન પાર્ક બનાવવાની પણ અવારનવાર જાહેરાતો થતી રહે છે. પણ, હજુ સુધી ગ્રિન આર્યલેન્ડ, પક્ષી અભયારણ્યની જેમ ઓક્સિજન પાર્ક કે સિનિયર સિટીઝન પાર્ક બન્યા નથી.

**ગ્રીન આઈલેન્ડ માણસોને હરવા ફરવા માટે નહીં પરંતુ માત્ર પ્રકૃતિ અને પક્ષીઓ માટે જ બનાવવાનો ઉદ્દેશ સફળ ન થયો : ૧૮ વોર્ડમાં એક પણ સ્થળે ગ્રિન આર્યલેન્ડ નથી રામવન પાસે પક્ષી અભયારણ્યની વાતો પણ હવામાં તિર મારવા જેવી સાબિત થઈ**

# ડિજિટાઇઝેશનની કામગીરી ૯૬ ટકા પૂર્ણ

## ગોંડલ, જેતપુર, જસદણમાં ૧૦૦ ટકા કામગીરી : ૧૧મી સુધી ચાલશે પ્રક્રિયા : મતદાર સુધારણાની કામગીરી હાલ અંતિમ ચરણમાં પહોંચી




રાજકોટ, તા. ૩

મતદાર સુધારણા ની કામગીરી હાલ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે તેમાં રાજ્યમાં રાજકોટ અત્યંત પાછળ છે પરંતુ હાલ જે જિલ્લા વહીવટી વિભાગ દ્વારા આંકડો બહાર પાડવામાં આવ્યો છે તેમાં રાજકોટ જિલ્લાની ડિજિટાઇઝેશનની કામગીરી ૯૬% એ પહોંચી ચૂકી છે અને ૯૦૦ જેટલા મૃત મતદારોના નામ પણ સામે આવ્યા. મતદાર સુધારણાની કામગીરીમાં અનેકવિધ પ્રશ્નો ઊભા થયા હતા જેમાં શિક્ષકોને પડતી મુશ્કેલી તથા હેરાનગતિ ની ફરિયાદો પણ સરકાર સુધી પહોંચી હતી. ચૂંટણી પંચ દ્વારા ડ્રાફ્ટ મતદાર યાદી ની સમય મર્યાદા પણ એક સપ્તાહ વધારવામાં આવી છે. ત્યારે બાકી રહેતી ચાર ટકા કામગીરી આગામી જોજ દિવસોમાં જ પૂર્ણ કરી દેવામાં આવશે તેવું જણાઈ રહ્યું છે.

આ ઝુંબેશ તા.૧૧ ડીસેમ્બર સુધી ચાલનાર છે. જેમાં રાજકોટ જીલ્લાની ડીજીટાઈઝેશનની કામગીરી ૯૬ ટકા પૂર્ણ થયેલ છે. જેમાં જીલ્લાના જસદણ, ગોંડલ, જેતપુર અને ધોરાજી વિધાનસભા વિસ્તારમાં સો ટકા મતદાર સુધારણાની કામગીરી થવા પામી છે. રાજકોટ જીલ્લાની મતદાર યાદીની આ શુધ્ધીકરણ કામગીરી દરમ્યાન ૯૦૦ જેટલા મૃત મતદારોના નામ નિકળતા આવા નામો રદ્દ કરાશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજયમાં મતદાર યાદીની ડીજીટેશનની કામગીરીમાં ડાંગ જીલ્લો મોખરે રહ્યો છે. મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુકલાની આગેવાનીમાં આ કામગીરીને વેગવાન બનાવવામાં આવેલ છે. રાજયના ૩૩ જીલ્લાઓ પૈકીના મોટાભાગના જીલ્લાઓમાં ૧૦૦ ટકા મતદાર ફોર્મનું વિતરણ કરી દેવાયાનો દાવો કરવામાં આવી રહ્યો છે પરંતુ હજુ અનેક વિસ્તારોમાં મતદારોના રહેણાક સુધી મતદાર ફોર્મ પહોંચ્યા ન હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

જયારે ૨૦૦૨ની મતદાર યાદીમાં પણ અનેક જુના મતદારોના નામો મળતા નથી. જેના પગલે બીએલઓ પણ ધંધે લાગ્યા છે. આ દરમ્યાન રાજકોટ જીલ્લામાં એસઆઈઆરની કામગીરી (મતદાર યાદી) સુધારણા કાર્યક્રમની કામગીરી ૯૬ ટકાએ પહોંચી ગયાનું જણાવાઈ રહ્યું છે. પરંતુ અનેક જગ્યાએ હજુ બીએલઓ દ્વારા મતદાર ફોર્મ પહોંચાડાયા ન હોવાની પણ ચર્ચા છે. આ સંજોગોમાં આ કામગીરી ટાર્ગેટ મુજબ પૂર્ણ થાય તે માટે બીએલઓને પણ તંત્ર દ્વારા સતત સુચનાઓ આવી રહી છે.

# રાજકોટ-લોધીકા તાલુકા પંચાયતની ચૂંટણી માટે 'ખેરખાંઓ' કપાશે

## અજ્ઞાત તાકાતે કંઈકને ઘરે બેસાડ્યા : ચેતન કથીરીયા, પરસોતમ મેવાસીયા, ચેતન પાણ વગેરેની બેઠકમાં બદલાવ

રાજકોટ, તા..૩

ચૂંટણી પંચ દ્વારા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતનું અનામત બેઠકનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે જેના પગલે હાલ ચૂંટણી લડવા ઈચ્છુક આગેવાનોની દોડધામ શરૂ થઈ ચૂકી છે કારણ કે નવા રોટેશન પ્રમાણે ૮૦ ટકાથી વધુ બેઠકોમાં ફેરફાર આવ્યો છે ત્યારે શનિષ્ઠ તથા મોટા માથાઓ ના નામ કપાઈ જાય તેવો ઘાટ ઘડાયો છે અને તેઓ ચૂંટણી પણ નહીં લડી શકે. મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકા તથા લોધિકા તાલુકામાં જે સમીકરણો જોવા મળી રહ્યા છે તેને જોતાં હાલના પ્રવર્તમાન આગેવાનો ચૂંટણીથી દૂર જ રહેશે. લોધીકામાં કોઈ અનામત તાકાતે કોઈકને ઘરે બેસાડવામાં સફળતા મેળવી છે. સૂત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તે મુજબ લોધીકાની બંને બેઠકમાં હાલના ચૂંટાયેલા ભાજપના સભ્યો ઘરે બેસશે તેવો વારો આવ્યો છે.

ચીભડા બેઠક સામાન્ય થતા બહુમત ધરાવતી જ્ઞાતિના ઉમેદવારને તક આપવામાં આવે તેવું જણાવ્યું છે. જિલ્લા પંચાયતના સભ્યો મોહન દાફડા તથા જિલ્લા પંચાયત તાલુકા પંચાયતમાં ચૂંટણી ન લડી શકે તેવું હાલ સમીકરણ જોવા મળી રહ્યું છે. ખીરસરા બેઠક ઓબીસી થતા પૂર્વ ધારાસભ્યના પારિવારિક સભ્યો ચૂંટણી લડી ન શકે તેઓ તાલ પણ સર્જાયો છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર રાજકોટ તાલુકામાં પણ ખેરખાઓ પોતાના રહેઠાણવાળી બેઠકમાં ચૂંટણી લડી ન શકે તેવો તક તો આપોઆપ ગોઠવાયો છે આ વખતે કોઈ અજ્ઞાત તાકાત મજબૂત પુરવાર થઈ છે. જિલ્લા પંચાયતની વાત કરવામાં આવે તો ભુપત બોદર ,પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુ ડાંગર, કારોબારી અધ્યક્ષ પ્રવિણ કયાડા, આરોગ્ય સમિતિના ચેરમેન લીલીબેન ઠુંમર સહિતના અનેક ચૂંટણી નહીં લડી શકે તેવો ઘાટ ઘડાયો છે. સરકાર બેઠકની જો વાત કરવામાં આવે તો ચેતન પાણ ચૂંટણી નહીં લડી શકે પરંતુ તેમના ધર્મ પત્ની ચૂંટણી લડી શકે છે. લોધિકા ની જો વાત કરવામાં આવે તો ભરતસિંહ, મોહન દાફડા, વર્તમાન પ્રમુખ વિપુલ મોરડ, કિશોર વસોયા, માખાવડના ઉમેશ દેસાઈ, તથા ન્યાય સમિતિના રેખાબેન પરમાર, સાથે ઉપપ્રમુખ નિનામાં પણ ચૂંટણી ના લડી શકે તે પ્રકારનું રોટેશન જાહેર થયું છે. બીજી તરફ તાલુકા પંચાયતના ચેતન કથીરિયા, કેયુર ઢોલરીયા, પરા પીપળીયાના વિક્રમ હુંબલ, સંજય રંગાણી તથા પરસોત્તમ મોવાસીયા ચૂંટણી ન લડી શકે તેવી શક્યતાઓ જોવા મળી છે



રાજકોટ જીલ્લા તથા તાલુકા પંચાયતોની આગામી ચૂંટણી પૂર્વે અનામત બેઠકોનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે તેને પગલે પંચાયત આગેવાનો તથા ચૂંટણી લડવા માંગતા દાવેદારોમાં દોડધામ શરૂ થઈ ગઈ છે. ૮૦ ટકાથી વધુ બેઠકોમાં ફેરફાર છે.મોટામાથા રહી ગયા અને નાના બચી ગયાનો ઘાટ છે કારણ કે પદાધિકારીઓની બેઠકોનાં રોટેશન બદલાઈ ગયા છે. એટલે વર્તમાન હોદેદારો પોતાની સીટ પર લડી શકે તેમ નથી. અન્ય મતક્ષેત્ર પર નજર દોડાવવી પડશે. અત્યારથી જ દોડધામ શરૂ થઈ ગઈ છે. બીજી તરફ આયાતી આગેવાન રાજકીય મનસુબા સાથે મતદાર યાદીમાં નામની બાદબાકી ઉમેરા કરાવે છે કે કેમ તેના પર વોચ માંડવાનું શરૂ થયુ છે. જીલ્લા-તાલુકા પંચાયતમાં અનામત રોટેશનમાં બદલાવથી મોટાભાગનાં રાજકીય ગણીત બદલાઈ ગયા છે.

રાજય ચૂંટણી આયોગ દ્વારા ગઈકાલે પંચાયત સીટોનાં અનામત રોટેશન જાહેર કરવામાં આવ્યા હતા. જીલ્લા પંચાયતની ૩૬ બેઠકોમાં સામાન્ય વર્ષ માટે ૨૧ બેઠક રહેવાની છે. સામાજીક શૈક્ષણીક પછાત વર્ગ (ઓબીસી)માટે ૧૦, અનુસુચિત જાતી માટે ૪ તથા અનુસુચિત જનજાતી માટે એક બેઠક અનામત છે.સામાન્ય વર્ગમાં ૨૧ માંથી ૧૧ બેઠક સ્ત્રી અનામત હશે. મહત્વની વાત એ છે.

કે પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુ ડાંગર, કારોબારી ચેરમેન પી.જી.કિયાડા, આરોગ્ય ચેરમેન લીલીબેન ઠુમ્મર, મોહન દાફડા, વગેરેની બેઠકોમાં બદલાવ છે. એટલે તેઓ પોતાની બેઠક પર ચૂંટણી નહિં લડી શકે. બીજી તરફ અર્જુન ખાટરીયા, શિક્ષણ સમિતિના ચેરમેન અલ્પાબેન તોગડીયા, સિંચાઈ ચેરમેન સુભાષ બાંભરોલીયા વગેરે રોટેશનમાં બચી ગયા છે અને ફરી ચૂંટણી લડવાનો માર્ગ યથાવત છે.સરધાર, શિવરાજગઢ, પારડી, ડુમીયાણી, જેવી બેઠકોનાં ઉમેદવારો-લકકી રહ્યા છે. રાજકોટ તાલુકા પંચાયતને લાગેવળગે છે ત્યાં સુધી પ્રમુખ ચેતન કથીરીયાની સણોસરા તથા ઉપપ્રમુખ પરસોતમ મોવાસીયાની ખારચીયા બેઠકમાં ફેરફાર થયો છે. એટલે ફરીથી ચૂંટણી લડવી હોય તો અન્ય મતક્ષેત્રનો આશરો લેવો પડે છે.સરધારની ચેતન પાણની બેઠક સ્ત્રી અનામત થઈ છે. તાલુકા પંચાયતની કુલ ૨૨ બેઠકો છે અને તેમાં મોટાભાગનાં બદલાવ રહ્યા છે.

અનામત રોટેશન જાહેર થવાને પગલે પંચાયતી રાજકારણમાં જોરદાર ચર્ચાઓનો દોર શરૂ થઈ જ ગયો છે.બેઠકમાં ફેરફારથી ચૂંટણી લડવા માગતા વર્તમાન સભ્યો કે મતક્ષેત્રનાં અન્ય દાવેદાર આગેવાનો કેવો માર્ગ અપનાવશે તે વિશે અટકમાં થવા લાગી છે. એક અગ્રણીએ એમ કહ્યું કે અમુક અગ્રણી દાવેદારો અન્ય મતક્ષેત્ર પર નજર દોડાવવા લાગ્યા છે. પરંતુ આ સ્થિતિમાં સંબંધીત મતક્ષેત્રનાં લોકલ આગેવાનોને વાંધો પડી શકે છે. આ સંજોગોમાં મતદાર યાદીમાં નામના ઉમેરા-બાદબાકી પર લોકલ આગેવાનો વોચ રાખવા લાગ્યા છે. જોકે મતદાર યાદીમાં નામ ઉમેરવાના ખેલ છેલ્લી ઘડીએ જ થતા હોય છે. છતા અત્યારથી જ નજર રાખવાનું શરૂ કરી દેવાયું છે.